**Veer Narmad**
**South Gujarat University, Surat**
Re-accredited by NAAC with 'B++' grade
सत्यम् ज्ञानम् अनन्तम्

**ઈ–દક્ષિણાયન**
**Dakshinayan e-Newsletter**
For Private Circulation Only



**Vol. 17, Issue. 282, February 2026**

પ્રિય વાચક મિત્રો,

**માતૃભાષા – આપણા અસ્તિત્વનો અરીસો**

સદા સૌમ્ય શી વૈભવે ઊભરાતી,
મળી માતૃભાષા મને ગુજરાતી.
રમે અન્ય સખીઓ થકી દેઇ તાળી,
સુધા કર્ણ સીંચે ગુણાળી રસાળી.
કરે બોલતા જે ભર્યા ભાવ છાતી,
રમો માતૃભાષા મુખે ગુજરાતી.
મળી હેમઆશિષ, નરસિંહ–મીરાં,
થયા પ્રેમભટ્ટ ને અખો ભક્ત ધીરા,
પૂજી નર્મદે કાન્ત ગોવર્ધને જે,
સજી ન્હાનલે કલ્પનાભવ્ય તેજે.
ધ્રુવા સત્ય–સાથી અહિંસા સુહાતી,
નમો ધન્ય ગાંધીગિરા ગુજરાતી.

**– ઉમાશંકર જોષી**

આવ ગિરા ગુજરાતી ! તને અતિ શોભિત હું શણગાર સજાવુ.

કવિ દલપતરામની આ નાનકડી પંક્તિમાં પોતાની માતૃભાષા ગુજરાતી ભાષાને કેવા લાડ લડાવે છે.

"જે ભાષામાં માએ હાલરડું ગાયું હોય, જે ભાષામાં પિતાએ સંસ્કારનું સિંચન કર્યું હોય અને જે ભાષામાં આપણે પ્રથમ વાર 'મા' શબ્દ ઉચ્ચાર્યો હોય, તે ભાષા માત્ર સંવાદનું માધ્યમ નથી, પણ આપણું અસ્તિત્વ છે."

૨૧ ફેબ્રુઆરી એટલે 'વિશ્વ માતૃભાષા દિવસ'. આ દિવસ માત્ર કેલેન્ડરની એક તારીખ નથી, પરંતુ વિશ્વભરની ભાષાઓના અસ્તિત્વને ટકાવી રાખવા માટેનો એક હુંકાર છે. ૧૯૫૨માં ઢાકા (બાંગ્લાદેશ)માં પોતાની માતૃભાષા કાજે શહીદ થયેલા યુવાનોના બલિદાનની યાદમાં શરૂ થયેલી આ મજલ આજે પણ એટલી જ પ્રસ્તુત છે. એક શૈક્ષણિક સંસ્થા તરીકે જ્યારે આપણે જ્ઞાનના મહાસાગરમાં વિહરતા હોઈએ, ત્યારે માતૃભાષાનું સ્થાન ક્યાં છે તે સમજવું અનિવાર્ય છે. ભાષા એ માત્ર સંવાદનું સાધન નથી, પણ સંસ્કૃતિની ઓળખ અને વિચારવાની શક્તિ છે.

મનોવૈજ્ઞાનિક રીતે સાબિત થયું છે કે માણસ જે ભાષામાં સ્વપ્ન જુએ છે અને જે ભાષામાં વિચારે છે, તે જ તેની સાચી શક્તિ છે. ગુજરાતી ભાષા આપણને નરસિંહ મહેતાની ભક્તિ નર્મદની શૌર્યગાથા અને ગાંધીજીની સત્યનિષ્ઠા વારસામાં આપે છે. યુનિવર્સિટીમાં આપણે અંગ્રેજી કે અન્ય વૈશ્વિક ભાષાઓ શીખીએ તે જરૂરી છે, પણ એનો અર્થ એ નથી કે આપણે માતૃભાષાના પાયાને ભૂલી જઈએ.

"જે માણસ પોતાની માતૃભાષા પ્રત્યે સભાન નથી, તે ક્યારેય પોતાની સંસ્કૃતિ પ્રત્યે વફાદાર રહી શકતો નથી."

આધુનિક મનોવિજ્ઞાન અને શિક્ષણશાસ્ત્રીઓ ભારપૂર્વક કહે છે કે ઉચ્ચ શિક્ષણમાં પણ જો મૂળભૂત સંકલ્પનાઓ (Concepts) માતૃભાષામાં સમજાય, તો વિદ્યાર્થીની સર્જનાત્મકતા અને તર્કશક્તિનો મહત્તમ વિકાસ થાય છે. નવી શિક્ષણ નીતિ (NEP-2020)માં પણ માતૃભાષામાં શિક્ષણ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. તેનો હેતુ અંગ્રેજી કે અન્ય ભાષાઓનો વિરોધ નથી, પણ પોતાની ભાષાના પાયા પર જ્ઞાનની ઇમારત ચણવાનો છે. જ્યારે આપણે કોઈ વિષય આપણી પોતાની ભાષામાં ભણીએ છીએ, ત્યારે આપણે માત્ર ગોખતા નથી, પણ તેને જીવીએ છીએ.

આજે આપણે ડિજિટલ ક્રાંતિના યુગમાં છીએ. ઇન્ટરનેટ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના આ સમયમાં અંગ્રેજીનું વર્ચસ્વ વધ્યું છે, જે જરૂરી પણ છે. પરંતુ, ચિંતાનો વિષય એ છે કે આપણે અન્ય ભાષાઓ શીખવાની લ્હાયમાં આપણી ભાષા પ્રત્યે લઘુતાગ્રંથિ (Inferiority Complex) કેળવી રહ્યા છીએ. જો યુવાનો પોતાની ભાષામાં લખતા કે બોલતા શરમાશે, તો આવનારા ૫૦ વર્ષમાં આપણું સમૃદ્ધ સાહિત્ય માત્ર ગ્રંથાલયોના કબાટમાં કેદ થઈ જશે. ભાષા મરે છે ત્યારે માત્ર શબ્દો નથી મરતા, તેની સાથે જોડાયેલી લોકકથાઓ, કહેવતો, પરંપરાગત જ્ઞાન અને એક આખી જીવનશૈલી વિલુપ્ત થાય છે.

આપણી યુનિવર્સિટી માત્ર ડિગ્રી આપવાનું કારખાનું નથી, પણ તે સંસ્કૃતિનું જતન કરનારું કેન્દ્ર છે. યુવા પેઢી તરીકે આપણી પાસે બેવડી જવાબદારી છે. આપણે ગૂગલ, વિકિપીડિયા કે બ્લોગ્સ પર આપણી ભાષામાં ગુણવત્તાસભર સામગ્રી (Content) ઉપલબ્ધ કરાવવી જોઈએ. ડિજિટલ યુગમાં ભાષાને 'સ્માર્ટ' બનાવવી એ આપણું કામ છે. ઓફિસ હોય, ક્લાસરૂમ હોય કે સોશિયલ મીડિયા – ગુજરાતીમાં વાત કરવામાં કે લખવામાં આપણે ગર્વ અનુભવવો જોઈએ. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ જો કવિતા, વાર્તા કે સંશોધન લેખ પોતાની ભાષામાં લખશે, તો જ સાહિત્યમાં નવો લોહીનો સંચાર થશે. કવિ નર્મદની આ ભૂમિ પર જ્યારે આપણે શિક્ષણ મેળવી રહ્યા છીએ, ત્યારે 'જય જય ગરવી ગુજરાત'ના નારા સાથે આપણે આપણી માતૃભાષાને સમૃદ્ધ બનાવવાનો સંકલ્પ કરવો જોઈએ. જ્ઞાનની કોઈ ભાષા હોતી નથી, પણ જ્ઞાન મેળવવાની શ્રેષ્ઠ રીત ચોક્કસપણે માતૃભાષા જ હોય છે.

આવો, આ વિશ્વમાતૃભાષા દિવસે આપણે પ્રતિજ્ઞા લઈએ કે આપણે આધુનિક બનવાની સાથે 'મૌલિક' પણ રહીશું. આપણે અંગ્રેજીને માથે ચડાવીશું, પણ ગુજરાતીને હૈયે રાખીશું.

તા. ૦૧ માર્ચ, ૨૦૨૬ (ડૉ. કિશોરસિંહ એન. ચાવડા)
કુલપતિશ્રી

## વિશ્વવિદ્યાલય સમાચાર

### GRC અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે સેતુ કાર્યક્રમ અંતર્ગત 'જાતિગત સમાનતા સ્વાસ્થ અને કાયદાકીય જન જાગૃતિ POSH ACT 2013 વિષય પર એક દિવસીય સેમિનાર





તા. ૩/૦૨/૨૦૨૬ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબના માર્ગદર્શન હેઠળ વુમન ડૅવલપમૅન્ટ સેલ અને જેન્ડર રિસોર્સ સેન્ટર, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાતના સંયુકત ઉપક્રમે 'સેતુ કાર્યક્રમ'ના ભાગરૂપે GRC અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના સંયુકત ઉપક્રમે 'સેતુ કાર્યક્રમ' અંતર્ગત 'જાતિગત સમાનતા સ્વસ્થ અને કાયદાકીય જન જાગૃતિ POSH ACT 2013' વિષય પર એક દિવસીય સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનાર મુખ્ય ત્રણ સત્રમાં વિભાજીત હતો. સવારે ૧૨:૦૦ વાગ્યાથી શરૂ થયેલ અંતર્ગત શિક્ષણ વિભાગના પ્રોફેસર ડૉ. કિર્તીબેન ઠાકર સમગ્ર કાર્યક્રમની રૂપરેખા અને કાર્યક્રમ વિશેષ જ્ઞાન અને સમજણ આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમની શરૂઆત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી દ્વારા સરસ્વતી વંદના, પ્રાસંગિક ઉદ્‌બોધન અને ઉપસ્થિત મહેમાનોના સ્વાગત સત્કાર બાદ ૧૨:૩૦ વાગ્યે થઈ હતી. પ્રથમ સત્ર ૧૨:૩૦ વાગ્યાથી ૨:૦૦ વાગ્યા સુધી હતું. આ સત્રના મુખ્ય વકતા તરીકે પધારેલ ડૉ. હીના મકવાણા હતા. તેમણે "જન જાગૃતિ અને POSH ACT 2013" વિશાખા વર્સીસ સ્ટેટ ઑફ રાજસ્થાન સર્વોચ્ચ અદાલતના કેસને આધારે રચાયેલ જાતીય સતામણીના મુદાને ધ્યાનમાં રાખીને સ્ત્રી સંરક્ષણ અંતર્ગત કાયદાશાસ્ત્રની વિવિધ કલમો, POSH ACT 2013, આ અંગે ફરિયાદની અને ફરિયાદ આધારિત નિર્ણયના સમયગાળા સંદર્ભે પુરાવા સાથે સવિશેસ માર્ગદર્શન આપવામાં આવ્યું. આમ પ્રથમ સત્ર ખૂબ જ જ્ઞાન પૂર્ણ રહ્યું હતું.

બીજુ સત્ર ૨:૦૦ વાગ્યાથી ૩:૩૦ વાગ્યા સુધી ચાલ્યું. તેમાં મુખ્ય વકતા તરીકે ડૉ. મહારૂખ કરંજિયા હાજર રહ્યા હતા. આ સત્ર દરમિયાન તેમણે સ્ત્રી અને પુરુષના સામાજિક ધોરણો, ભુમિકા અને વિવિધ દરજ્જા આધારિત વર્તમાન મોર્ડન સમાજની રચનામાં માટેની જરૂરિયાત સંદર્ભે વાસ્તવિક ઉદાહરણ આધારિત જાતિગત સમાનતા વિષે ખૂબજ ઉત્સાહપૂર્વક વકતવ્ય આપ્યું હતું. ૩:૦૦ વાગ્યાથી ૫:૩૦ વાગ્યા સુધી ત્રીજુ અને નોકરિયાત સ્ત્રીના સ્વાસ્થ્ય અને આહાર શૈલી આધારિત ખૂબ જ ઉપયોગી વિષય ઉપર ડૉ. શશી સૈની દ્વારા આપવામાં આવ્યું હતું. જેમાં ઘરમા પત્ની અને કાર્યસ્થળ પર કર્મચારીની બેવડી ભૂમિકા ભજવતી સ્ત્રી માટેની સ્વસ્થ અને શક્તિવર્ધક ખોરાક અને ખોરાકની ટેવ વિષે જૈવિક વિજ્ઞાન આધારિત માર્ગદર્શન આપ્યું હતું. આમ આ તૃતીય સત્રપણ આવેલ અધ્યાપકશ્રીઓ માટે ઉપયોગી રહ્યું હતું. આ સાથે સમગ્ર કાર્યક્રમના અંતિમ ચરણમા સમગ્ર શ્રોતાગણ પાસે કાર્યક્રમ અંગેની પોસ્ટ ટેસ્ટ ભરાવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમને અંતે પધારેલ વક્તાગણ અને શ્રોતાગણનો આભાર ડૉ. રેખાબેન ગઢવી દ્વારા માનવામાં આવ્યો હતો અને કાર્યક્રમની પુર્ણાહુતિ કરવામાં આવી હતી.

## ૫૮મો પદવીદાન સમારોહ
























VEER NARMAD
SOUTH GUJARAT UNIVERSITY,
SURAT


Shri Govindbhai Dholakia
Hon'ble M.P. - Rajyasabha


VEER NARMAD









વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે વીર કવિ નર્મદની પુણ્યતિથિ નિમિત્તે તા. ૨૬/૦૨/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડા સાહેબ, કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી તથા વિવિધ સત્તામંડળો સભ્યશ્રીઓ અને વિશ્વવિદ્યાલય પરિવાર દ્વારા કવિ નર્મદજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી. ત્યારબાદ સવારે ૧૧:૦૦ કલાકે વિશ્વવિદ્યાલયના કન્વેન્શન હોલ ખાતે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબના અધ્યક્ષ સ્થાને તથા મુખ્ય મહેમાન માનનીય રાજ્યસભાનાં સાંસદશ્રી ગોવિંદભાઈ ધોળકિયાની ઉપસ્થિતિમાં વિશ્વવિદ્યાલયનો ૫૮મો પદવીદાન સમારોહ ભવ્ય રીતે યોજાયો હતો. સમારોહમાં વિવિધ વિદ્યાશાખાઓના વિવિધ અભ્યાસક્રમોના કુલ ૮,૭૨૬ યુવા છાત્ર–છાત્રાઓને પદવીઓ એનાયત કરવામાં આવી. ઋષિકુમારોએ શંખનાદ, વૈદિક મંત્રોચ્ચાર અને તૈત્તિરીય ઉપનિષદના શ્લોકગાન સાથે ભારતીય સંસ્કૃતિની પ્રાચીન ગુરૂકુળ પરંપરાને ઉજાગર કરી હતી.

આ ડિજિટલ યુગને અનુરૂપ, માત્ર એક ક્લિક દ્વારા તમામ વિદ્યાર્થીઓની ડિગ્રી ડીજીલોકર (NAD) પર અપલોડ કરવામાં આવી હતી. ઉપરાંત, મંચસ્થ મહાનુભાવો દ્વારા વિશ્વવિદ્યાલયનાં 'Examination Manual'નું વિધિવત્ લોન્ચિંગ કરવામાં આવ્યું હતું, જે પરીક્ષા પ્રક્રિયામાં પારદર્શિતા, સુવ્યવસ્થિતતા અને ગુણવત્તા સુનિશ્ચિત કરવા માટે મહત્વપૂર્ણ સાબિત થશે.

૫૮મા પદવીદાન સમારોહમાં મુખ્ય મહેમાનશ્રી માનનીય રાજ્યસભાના સાંસદશ્રી ગોવિંદભાઈ ધોળકિયાજીએ પોતાના પ્રેરણાદાયી સંબોધનમાં જણાવ્યું કે પદવી માત્ર શૈક્ષણિક સિદ્ધિ નહીં પરંતુ જીવનમાં નવી જવાબદારીઓની શરૂઆત છે. તેમણે યુવાનોને જ્ઞાન સાથે સંસ્કાર, પ્રામાણિકતા અને રાષ્ટ્રપ્રેમના મૂલ્યોને જીવનમાં ઉતારવાની અપીલ કરી હતી. 'તમે જે કાર્ય નિષ્ઠા, પ્રામાણિકતા અને શ્રેષ્ઠતાથી કરશો, એ જ કાર્ય તમારી સાચી ઓળખ ઉભી કરશે.' એમ જણાવી તેમણે વિદ્યાર્થીઓને મોટા સપના જોવાની અને સતત પરિશ્રમ દ્વારા તે સપનાઓ સાકાર કરવાની પ્રેરણા આપી હતી. તેમણે ખાસ કરીને યુવાનોને મોટા સપના જોવા અને તે સપનાઓને સાકાર કરવા અવિરત મહેનત કરવાની પ્રેરણા આપી હતી. સફળતા સહેલાઈથી મળતી નથી, પરંતુ સતત પ્રયત્ન, સંઘર્ષ અને સાકારાત્મક દૃષ્ટિકોણથી દરેક લક્ષ્ય પ્રાપ્ત કરી શકાય છે, એમ તેમણે ઉમેર્યું. આત્મવિશ્વાસ, નવીનતા અને પરિશ્રમના બળ પર વૈશ્વિક પડકારોને સ્વીકારી દેશના વિકાસમાં સક્રિય યોગદાન આપવા તેમણે યુવાનોને આહ્વાન કર્યું હતું.

વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડાએ સાહેબે પદવીદાન સમારોહમાં ઉપસ્થિત મહાનુભાવો, આચાર્યશ્રીઓ, શિક્ષકવર્ગ, વિદ્યાર્થીમિત્રો અને વાલીઓનું હાર્દિક સ્વાગત કર્યું હતું. પોતાના સંબોધનમાં તેમણે વિશ્વવિદ્યાલય શિક્ષણ સાથે સંસ્કાર, નૈતિકતા અને સામાજિક જવાબદારીનું સંકલન જરૂરી હોવાનું જણાવ્યું. રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અસરકારક અમલીકરણ, ટેકનોલોજી આધારિત પારદર્શક વ્યવસ્થા, સ્કિલ આધારિત સર્ટિફિકેટ કોર્સ અને પ્લેસમેન્ટ પહેલો દ્વારા યુવાનોને આત્મનિર્ભર બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો. તેમણે વિદ્યાર્થીઓને સમાજે આપેલા યોગદાનને અનેકગણું પરત આપવાની પ્રેરણા આપી અને ઉજ્જવળ, જવાબદાર અને રાષ્ટ્રપ્રેમી નાગરિક બનવા અપીલ કરી. "Viksit Bharat@2047"ના સંકલ્પ સાથે યુવાનોને રાષ્ટનિર્માણમાં સક્રિય યોગદાન આપવા આહ્વાન કર્યું હતું. તેમણે દક્ષિણ ગુજરાતના હીરા, ટેકસટાઈલ, ફાર્માસ્યુટિકલ, કેમિકલ, લોજિસ્ટિક્સ, એવિએશન અને બ્લૂ ઇકોનોમી જેવા વિકસતા ઉદ્યોગ ક્ષેત્રોને ઉલ્લેખનીય જણાવ્યુ કે આવનારા સમયમાં આ ક્ષેત્રો વૈશ્વિક સ્તરે ભારતને નવી ઓળખ અપાવશે. તેમજ કાર્યક્રમને સફળ બનાવવા માટે સહયોગ આપનાર સૌનો આભાર વ્યકત કર્યો હતો.

આ પ્રસંગે કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી, પરીક્ષા નિયામકશ્રી એ.વી.ધડૂક, બોર્ડ ઑફ મૅનેજમૅન્ટના સભ્યશ્રીઓ, એક્ઝીક્યુટવ કાઉન્સિલના સભ્યશ્રીઓ, વિવિધ વિદ્યાશાખાના ડીનશ્રીઓ, વિભાગીય વડાશ્રીઓ, કૉલેજોના આચાર્યશ્રીઓ સહિત પદવી મેળવનાર વિદ્યાર્થીઓ,સ્કુલના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. અંતે કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી દ્વારા ઉપસ્થિત સૌનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## ભૌતિકશાસ્ત્ર વિભાગના પ્રોફેસર અને હેડ, ડૉ. આઈ.બી.પટેલે ભારત સરકારના Interbational Linkeg Startup Inpvationમાં ભાગ લીધો





ભારત સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગ અને યુજીસી દ્વારા ન્યુ દિલ્હી ખાતે તા. ૧૯ અને ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ યોજાયેલ India-Spain Conference on Higher Educationમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના વાઈસ ચાન્સેલર ડૉ. કે.એન.ચાવડા સાહેબના પ્રતિનિધિ તરીકે ડૉ. આઈ.બી.પટેલ, પ્રોફેસર અને હેડ, ભૌતિકશાસ્ત્ર વિભાય અને ડાયરેકટર (Interbational Linkeg Startup Inpvation)માં ભાગ લીધો હતો. જેમાં આખા ભારતમાંથી નામાંકિત વિશ્વવિદ્યાલય, IIT, NIT માંથી આસરે ૮૦ જેટલા વાઈસ ચાન્સેલર તથા તેમના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. Spine માંથી ૭૦ જેટલી વિશ્વવિદ્યાલયના વાઈસ ચાન્સેલર તથા રેકટરઓએ ભાગ લીધો હતો. આ કોન્ફરન્સના સમાપનમાં કેન્દ્રીય શિક્ષણમંત્રી આદરણીયશ્રી ધમેન્દ્ર પ્રધાન યુજીસીના ચેરમેન Vinit Joshi, Spine University Secertory Eva Alcon and Spine Embeseder હાજર રહ્યા હતા. આ કોન્ફરન્સમાં નીચેના મુદ્દાઓ અંગે ચર્ચા થઈ હતી.

1. AI and New Ways of Knowledge Transmission.
2. Research, Innovation and Startup Ecosystems in Higher Education with special reference to experience in financing startups.
3. Building Collaborative Health and MedTech Innovation Parthways in HEIs.
4. Architecture, Creative Industries and Design AVGH and Textiles.
5. Ibero-American Knowledge Area- Spain-India-Cooperation with Latin Ameroican Universities: A partnership for the Future.
6. Strengthening Collaboration in Sport and Mobility of Faculty/Student & Other Academic Exchange.

ડૉ. આઈ.બી.પટેલ દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની માહિતી પુસ્તિકા Spain Universityના Secertoryને આપી તથા વિશ્વવિદ્યાલયમાં ચાલતા કોર્ષ અને રીસર્ચ અંગેની માહિતી આપી હતી.

## માતૃભાષા મહોત્સવ ૨૦૨૬નું આયોજન




વિશ્વમાતૃભાષા દિવસ નિમિત્તે ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના અંગ્રેજી વિભાગના સંયુકત ઉપક્રમે માતૃભાષા સપ્તાહ અંતર્ગત 'માતૃભાષા મહોત્સવ ૨૦૨૬' વ્યાખ્યાનમાળાનું આયોજન તા. ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે અંગ્રેજી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. મહોત્સવનો મુખ્ય ઉદ્દેશ માતૃભાષા અને ગુજરાતી ભાષાના મહિમાને ઉજાગર કરવાનો તથા ભાષા પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો છે. કાર્યક્રમમાં પ્રેરણાપ્રવચન માટે ડૉ. ભાગ્યેશ જહા (અધ્યક્ષ, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર) ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય અતિથિ તરીકે ડૉ. કે.એન.ચાવડા (માનનીય કુલપતિશ્રી) ઉપસ્થિત રહ્યા હતા. વકતા તરીકે ડૉ. જયશ્રી જોષી અને ડૉ. જયંતીલાલ બાંધેરી પોતાના વિચારો રજૂ કર્યા હતા. વિશેષ ઉપસ્થિતિ તરીકે ડૉ. આર.સી.ગઢવી (કુલસચિવ) અને ડૉ. નરેશ શુક્લ (અધ્યક્ષ, ગુજરાતી વિભાગ) ઉપસ્થિત રહ્યા હતા. સંયોજન તરીકે શ્રી મહેશકુમાર ડે (અધ્યક્ષ, અંગ્રેજી વિભાગ) તથા સંચાલક ડૉ. પરેશ જોષીએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમમાં પ્રાધ્યાપકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં.

## વાર્ષિક CSR કોન્ક્લેવ – SETUનું આયોજન









વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય વાર્ષિક CSR કોન્ક્લેવ–SETU શનિવાર, તારીખ ૭ ફેબ્રુઆરીના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ગ્રામીણ અભ્યાસ વિભાગના સેમિનાર હોલમાં યોજવામાં આવ્યું હતું. આ કોન્ક્લેવ સવારે ૧૧:૦૦ વાગ્યે શરૂ થયો હતો. જે સમકાલીન સમાજમાં કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR)ની ભૂમિકા અને પ્રભાવ પર ચર્ચા કરવા માટે એક પ્લેટફોર્મ તરીકે ઉભરી આવેલ છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ શૈક્ષણિક સંસ્થાઓ અને કોર્પોરેટ સંસ્થાઓ વચ્ચે 'સેતુ' (પુલ) તરીકે કાર્ય કરવાનો છે, જે ટકાઉ વિકાસ, નૈતિક જવાબદારી અને સમુદાય જોડાણ પર અર્થપૂર્ણ સંવાદને પ્રોત્સાહન આપે છે. શૈક્ષણિક સંસ્થાઓ અને ઉદ્યોગ ગૃહો દ્વારા ચર્ચાઓ અને ક્રિયાપ્રતિક્રિયાઓ દ્વારા, સામાજિક પરિવર્તનમાં કેવી રીતે ફાળો આપી શકાય છે તે બાબતો પર કોન્ક્લેવમાં પ્રકાશ પાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

આ કોન્ક્લેવમાં પ્રતિષ્ઠિત મહાનુભાવોની હાજરી રહી હતી. જેઓ એ પોતાના અનુભવ અને સૂઝ દ્વારા કાર્યક્રમમાં ઊંડાણ અને મહત્વ ઉમેર્યું. મુખ્ય મહેમાન, ડોનેટ લાઈફના સ્થાપક અને પ્રમુખ, પદ્મશ્રી શ્રી નિલેશ મંડલેવાલાએ સમાજ સેવા અને માનવતાવાદી કાર્યો પ્રત્યેની તેમની આજીવન પ્રતિબદ્ધતાથી શ્રોતાઓને પ્રેરણા આપી હતી. સહજાનંદ ગ્રુપના ચેરમેન શ્રી ધીરજલાલ કોટડિયા, જેમના નૈતિક વ્યવસાયિક પ્રથાઓ અને સામાજિક જવાબદારીમાં યોગદાનને વ્યાપકપણે સ્વીકારવામાં આવે છે, તેમની હાજરીથી આ કાર્યક્રમ વધુ સન્માનિત થયું હતું. મુખ્ય વક્તા, ગુજરાત હાઈકોર્ટના ઍડવોકેટ, સીએ વિરેશ રૂદાલાલ, જવાબદારી અને પાલન પર ભાર મૂકતા, CSR પરની ચર્ચાઓમાં તેના મહત્વ અને શૈક્ષણિક ભૂમિકા પર ભાર મૂકી તેમના દ્રષ્ટિકોણ બાબતે ચર્ચા કરી હતી. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સ્કિલ્સના સંયોજક શ્રી ભાવેશ વાનપરિયા દ્વારા કાર્યક્રમનું કાર્યક્ષમ રીતે આયોજન કરવામાં આવ્યું હતું, જેમના પ્રયાસોથી કોન્ક્લેવનું સરળ અમલીકરણ સુનિશ્ચિત થયું હતું. આ કાર્યક્રમ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાના નિર્દેશનમાં યોજાયો હતો, જેમાં કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીએ સહ–નિર્દેશક તરીકે સેવા આપી હતી. આ કોંકલેવ સામાજિક રીતે જવાબદાર પહેલોને પ્રોત્સાહન આપવા પ્રત્યે મજબૂત સંસ્થાકીય સમર્થનને પ્રતિબિંબિત કરે છે.

કાર્યક્રમની શુભ શરૂઆત પરંપરાગત દીપ પ્રાગટ્યથી થઈ, જે આ કોંકલેવમાં સામાજિક જાગૃતિના પ્રકાશનું પ્રતીક બન્યું હતું. તે પછી વિશ્વવિદ્યાલય ગીત ગાવામાં આવ્યું હતું, જેણે સેમિનાર હોલમાં હાજર રહેલા બધામાં ગર્વ, એકતા અને સંસ્થાકીય સબંધની ભાવના જગાડી. ત્યારબાદ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સ્કિલ્સના સંયોજક શ્રી ભાવેશ વાનપરિયાએ કાર્યક્રમની સંક્ષિપ્ત ઝાંખી રજૂ કરી, કોન્ક્લેવના ઉદ્દેશ્યોની રૂપરેખા આપી અને વાસ્તવિક દુનિયાના CSR પ્રથાઓ સાથે શૈક્ષણિક શિક્ષણને જોડવામાં તેની સુસંગતતા પર ભાર મૂક્યો હતો. કાર્યક્રમમાં આગળ જતા ઉપસ્થિત મહેમાનોનું સન્માન કરવામાં આવ્યું હતું. વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ ડોનેટ લાઈફ દ્વારા તેમના માનવતાવાદી કાર્યને બિરુદાવતા પદ્મશ્રી નિલેશ મંડલેવાલાને સન્માનિત કર્યા હતા. ડૉ. નરેશ શુક્લાએ અતિથિ વિશેષ શ્રી ધીરજલાલ કોટડિયા અને સી.એ. વરેશ રુદાલાલનું સન્માન કરાયું હતું. ડૉ મહેશ ચૌહાણનું સ્વાગત કુલપતિશ્રી કિશોરસિંહ ચાવડા દ્વારા કરવામાં આવ્યું હતું.

પ્રથમ મુખ્ય વકતવ્ય ડોનેટ લાઇફના સ્થાપક અને પ્રમુખ પદ્મશ્રી નિલેશ મંડલેવાલાએ આપ્યું હતું, જેમણે સામાજિક કાર્યોમાં, ખાસ કરીને અંગદાનમાં સંસ્થાકીય સામેલગીરીના મહત્વ વિશે ઉત્સાહપૂર્વક વાત કરી હતી.

તેમણેભાર મૂક્યો હતો કે, MSW કાર્યક્રમના વિદ્યાર્થીઓને આ ક્ષેત્રમાં ઔપચારિક રીતે તાલીમ આપવી જોઈએ. તેમણે સૂચવ્યું હતું કે, વિશ્વવિદ્યાલયઓ જાગૃતિ લાવવા અને સામાજિક સેવા પહેલને આગળ ધપાવવા માટે વિશિષ્ટ અભ્યાસક્રમો શરૂ કરી શકે છે. તેમણે સરકાર દ્વારા સંચાલિત ઓનલાઇન તાલીમ કાર્યક્રમોમાં વિશ્વવિદ્યાલયના સભ્યોની વધુ ભાગીદારીની જરૂરિયાત પર વધુ પ્રકાશ પાડયો હતો. સંસ્થાઓ જોડાઈ તે સુનિશ્ચિત કરવા માટે સામૂહિક પ્રયાસો કરવા વિનંતી કરી હતી.

ત્યારબાદ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ સભાને સંબોધિત કરી અને પ્રેરણાદાયક અને મૂલ્યલક્ષી ભાષણ આપ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને ગાંધીવાદી સિદ્ધાંતો અને નૈતિક મૂલ્યોનો પ્રચાર કરીને સમાજમાં સક્રિયપણે યોગદાન આપવા માટે પ્રોત્સાહિત કર્યા હતા, તેમણે આ બાબતે જણાવ્યું હતું કે આ આદર્શો વ્યક્તિગત વિકાસ અને નૈતિક નેતૃત્વ માટે મજબૂત પાયો છે. તેમણે યુવાનોને તેમની શૈક્ષણિક અને વ્યાવસાયિક યાત્રાઓમાં સત્ય, અહિંસા અને નિ:સ્વાર્થ સેવા અપનાવવા પ્રોત્સાહિત કર્યા હતા. જેથી તેઓ જવાબદાર નાગરિક તરીકે યોગ્ય દિશામાં પ્રગતિ કરી શકે. સંબોધન દરમિયાન કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ 'રાષ્ટ્ર પ્રથમ'નો સંદેશ ભારપૂર્વક આપ્યો હતો. તેમણે વિદ્યાર્થીઓને વ્યક્તિગત લાભો કરતાં રાષ્ટ્રીય હિત અને સામાજિક કલ્યાણને પ્રાથમિકતા આપવા વિનંતી કરી હતી.

ત્યારબાદ સહજાનંદ ગ્રુપના ચેરમેન ધીરજલાલ કોટડિયાએ શ્રોતાઓને સંબોધન કર્યું હતું અને દાન તથા સામાજિક જવાબદારીના સાચા અર્થ પર ગહન દ્રષ્ટિકોણ દર્શાવતા ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે દાનનો અર્થ ફક્ત મોટી રકમનું દાન કરવાનો નથી, પરંતુ દાન એ ક્રિયા પાછળની લાગણીઓ, ઇરાદાઓ અને જોડાણની ભાવનાનું પ્રતિનિધિત્વ કરે છે. તેમણે સ્પષ્ટતા કરી હતી કે તેઓ દાન માટે વિનંતી કરવા આજે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા નથી, પરંતુ દરેક વ્યક્તિને સમાજમાં અર્થપૂર્ણ યોગદાન આપવાની અમર તક વિશે વાત કરવા માટે આવ્યા છે. દયાના નાનામાં નાના કાર્યની શક્તિ પર ભાર મૂકતા, તેમણે ટિપ્પણી કરી હતી કે આજે એક ફૂલની પાંખડી પણ અર્પણ કરવાથી આવતીકાલે ભારત માટે ઉજ્જવળ ભવિષ્ય ખીલી શકે છે. તેમણે કરુણાપૂર્ણ કાર્યોની લાંબા ગાળાની અસરને ઓળખવા માટે પ્રોત્સાહન પૂરું પાડયું અને એ વિચારને મજબૂત બનાવવા જણાવ્યું હતું કે સામાજિક પરિવર્તન નિષ્ઠાવાન ઇરાદા અને સામૂહિક ભાગીદારીથી શરૂ થાય છે.

મુખ્ય વક્તા, ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ સીએ વિરેશ રૂદલાલે તેમના વક્તવ્યને તમામ મહાનુભાવો, આયોજકો અને સહભાગીઓનો તેમની અર્થપૂર્ણ હાજરી બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીને શરૂઆત કરી હતી. તેમણે છટાદાર રીતે જણાવ્યું હતું કે મહેમાનોના સામૂહિક યોગદાન અને અનુભવોએ કોન્કલેવનું કદ ઊંચું કર્યું છે, તેને ખરેખર પ્રભાવશાળી મેળાવડો બનાવ્યો છે. SETUને તેમણે પરિવર્તનની પહેલ તરીકે ઉલ્લેખતા, તેમણે તેને કોર્પોરેટ સામાજિક જવાબદારીની પરંપરાગત ચર્ચાઓથી આગળ વધતા પરિવર્તન માટે ઉત્પ્રેરક તરીકે વર્ણવ્યુ હતું. તેમણે ખાસ કરીને સામાજિક ઉત્થાનમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો હતો અને કહ્યું હતું કે વિશ્વવિદ્યાલયએ શિક્ષણ અને સમુદાય જોડાણ દ્વારા સમાવેશી વિકાસ તરફ સતત કામ કર્યું છે. તેમણે વધુમાં સમજાવ્યું હતું કે આ CSR પહેલને ફક્ત કૉર્પોરેટ જવાબદારી તરીકે જ નહીં, પરંતુ એક સેતુ તરીકે જોવી જોઈએ જે અવિકસિત સમુદાયોને વિકાસ અને ગૌરવના દરવાજા તરફ આગળ વધવા માટે સક્ષમ બનાવે છે. તેમના સંબોધનમાં CSRના કાનૂની, સામાજિક અને નૈતિક પરિમાણોને અસરકારક રીતે જોડવામાં આવ્યા હતા, જે કોન્કલેવના સામાજિક પ્રગતિ માટે સહયોગના કેન્દ્રિય વિષયને મજબૂત બનાવે છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના બોર્ડ ઑફ મૅનેજમૅન્ટના સભ્યશ્રી ડૉ. મહેન્દ્ર ચૌહાણે કુશળ માનવશક્તિની વધતી જતી માંગને પહોંચી વળવા શૈક્ષણિક સંસ્થાઓ અને ઉદ્યોગો વચ્ચે સહયોગના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે ઔદ્યોગિક હિસ્સેદારોને વિશ્વવિદ્યાલયઓ સાથે હાથ મિલાવવા અપીલ કરી હતી, જેથી શિક્ષણ અને રોજગારક્ષમતા વચ્ચેનું અંતર અસરકારક રીતે દૂર થઈ શકે. આજના સ્પર્ધાત્મક વાતાવરણમાં કૌશલ્ય–આધારિત તાલીમની જરૂરિયાત પર પ્રકાશ પાડતા તેમણે ભાર મૂક્યો હતો કે આવી ભાગીદારી માત્ર ઉદ્યોગોને જ નહીં પરંતુ વિદ્યાર્થીઓને વ્યવહારુ જ્ઞાન અને વાસ્તવિક દુનિયાના અનુભવથી પણ સશક્ત બનાવશે. તેમણે વિદ્યાર્થીઓને કેન્સર રસીકરણ પહેલને સક્રિયપણે સમર્થન અને યોગદાન આપવા માટે પ્રોત્સાહન આપ્યું હતું. તેમની અપીલે જાહેર આરોગ્ય અને સામાજિક કલ્યાણમાં યુવાનોની ભાગીદારીની ભૂમિકા પર ભાર મૂક્યો હતો.

ડૉ. પ્રવીણ દૂધસાગરાએ CSR પહેલોનો માહિતીપ્રદ ઝાંખી રજૂ કરી હતી, જેમણે વિશ્વવિદ્યાલય ખાતે CSR પ્રોજેક્ટ્સના માળખા, દ્રષ્ટિકોણ અને અમલીકરણમાં વ્યાપક સમજ આપી હતી. તેમણે ભાર મૂક્યો હતો કે વિશ્વવિદ્યાલય દ્વારા હાથ ધરવામાં આવેલા તમામ CSR પ્રયાસોનું મુખ્ય કેન્દ્ર શિક્ષણ છે, જેમાં ટૂંકા ગાળાના લાભોને બદલે લાંબા ગાળાના સામાજિક પ્રભાવ પર ભાર મૂકવામાં આવે છે. તેમણે ક્વોલિટેટિવ MoU અને અર્થપૂર્ણ સહયોગના મહત્વ પર વિગતવાર વાત કરી, ખાતરી કરી કે ભાગીદારી નૈતિક ધોરણો અને વિકાસલક્ષી લક્ષ્યો સાથે કરવામાં આવી રહી છે.

વિશ્વવિદ્યાલય દક્ષિણ ગુજરાત માટે પ્રાદેશિક CSR હબ તરીકે કાર્ય કરે છે. પ્રાદેશિક જરૂરિયાતોને પૂર્ણ કરતા પ્રોજેક્ટ્સનું સંકલન અને સુવિધા આપે છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના CSR મોડેલની એક નોંધપાત્ર વિશેષતા એ ત્રણ વર્ષનું અસર મૂલ્યાંકન પદ્ધતિ છે, જે કુલપતિ તથા કુલસચિવ દ્વારા મંજૂર કરાયેલા કોલેબ્રેશનની અસરકારકતા અને વાસ્તવિક–વિશ્વના પરિણામોનું મૂલ્યાંકન દર્શાવે છે. પ્રેઝન્ટેશનમાં એવા મુખ્ય ક્ષેત્રોની પણ રૂપરેખા આપવામાં આવી હતી જ્યાં CSR યોગદાન આપી શકાય છે, જેમાં ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પુસ્તકાલયો દ્વારા વિદ્યાર્થીઓને સશક્ત બનાવવા, શિષ્યવૃત્તિ અને શૈક્ષણિક મુસાફરી સહાય પૂરી પાડવા, મહિલા સુવિધા રૂમની

સ્થાપના, કેમ્પસ આરોગ્યસંભાળ સેવાઓને મજબૂત બનાવવા, સૌરઉર્જા પ્રણાલીઓ સ્થાપિત કરવા, રમતગમતના માળખા અનેસાધનોમાં વધારો કરવા અને સર્વાઈકલ કેન્સર નિવારણ માટે HPV રસીકરણ પહેલને સમર્થનનો સમાવેશ થાય છે. આ ઝાંખી સ્પષ્ટપણે CSR દ્વારા ટકાઉ વિકાસ તરફ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના પ્રયાસોને દર્શાવે છે.

આ કોન્કલેવ આગળ વધીને ૧–ઓન–૧ ઇન્ટરેક્ટિવ ચર્ચા સત્રમાં ફેરવાઈ ગયો. જે દરમિયાન વિવિધ NGO સાથે સંકળાયેલા પ્રતિનિધિઓ અને વ્યક્તિઓએ વિશ્વવિદ્યાલય પ્રતિનિધિઓ સાથે સક્રિયપણે ભાગ લીધો હતો. સહભાગીઓએ સંબંધિત પ્રશ્નો ઉઠાવ્યા, પોતાના દૃષ્ટિકોણ શેર કર્યા અને CSR પ્રોજેક્ટ્સના આયોજન, અમલીકરણ અને લાંબા ગાળાની અસર સંબંધિત રચનાત્મક સૂચનો રજૂ કર્યા. સહયોગ દ્વારા હાથ ધરવામાં આવેલી પહેલોના વધુ સારા અમલીકરણ અને ટકાઉ ઉત્થાન સુનિશ્ચિત કરવા માટે અનેક વ્યવહારુ પાસાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ વ્યક્તિગત રીતે શ્રોતાઓના પ્રશ્નોનું નિરાકરણ કર્યું, સ્પષ્ટ માર્ગદર્શન આપ્યું અને પારદર્શિતા અને સમાવેશી વિકાસ પ્રત્યે વિશ્વવિદ્યાલયની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરી ત્યારે આ સત્ર ખાસ કરીને અસરકારક બન્યું હતું.

આ કાર્યક્રમ સંયોજક દ્વારા પ્રસ્તાવિત આભારવિધિ સાથે સમાપ્ત થયું હતું. જેમાં તમામ મહાનુભાવો, વક્તાઓ, આયોજકો, સહભાગીઓનો તેમની મૂલ્યવાન હાજરી અને યોગદાન બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

## Department of Economics

### 'Budget talk @ Campus' કાર્યક્રમ









વિશ્વવિદ્યાલયના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા તાજેતરમાં રજૂ થયેલા કેન્દ્રીય બજેટની સચોટ અને વિગતવાર સમીક્ષા કરવા માટે ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ "Budget talk @ Campus" વિષય પર એક વિશેષ શૈક્ષણિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત વંદે માતરમ અને પરંપરાગત દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. વિભાગાધ્યક્ષ ડૉ. ગૌરાંગ રામીએ ઉપસ્થિત તમામ મહેમાનોનું શબ્દોથી સ્વાગત કરી, વિશ્વવિદ્યાલયની પરંપરા મુજબ પુસ્તક અને ખેસ અર્પણ કરી તેમનું સન્માન કર્યું હતું.

કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી વિશ્વવિદ્યાલયના કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડાએ પ્રેરક ઉદબોધન આપતા જણાવ્યું કે, આ બજેટ અમૃતકાળમાં 'વિકસિત ભારત'ની વિભાવનાને સાકાર કરતું અને દેશની આર્થિક બુનિયાદો મજબુત બનાવતું મહત્વનું દસ્તાવેજ છે. તેમણે ખાસ કરીને બજેટમાં મહિલાઓના સર્વાંગી ઉત્કર્ષ માટેની યોજનાઓ અને મહિલા સશક્તિકરણ પર મૂકવામાં આવેલ ભાર વિશે ઊંડાણપૂર્વક સમજ પૂરી પાડી હતી. ઉપરાંત કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીએ કાર્યક્રમમાં પોતાની શુભેચ્છાઓ પાઠવી હતી.

મુખ્ય વકતા ડૉ. ગૌરાંગ રામીએ 'વિકસિત ભારત @ ૨૦૪૭'ના લક્ષ્યાંકોને ધ્યાનમાં રાખીને વિવિધ ક્ષેત્રોમાં કરવામાં આવેલી નાણાકીય ફાળવણીનું વિસ્તૃત વિશ્લેષણ કર્યું હતું. તેમણે સરકારના વિઝન પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, અર્થતંત્રમાં ઘટતી જતી નાણાકીય ખાધ (Fiscal Deficit) એ દેશની આર્થિક સ્થિરતા અને મજબૂતીની નિશાની છે. વધુમાં, તેમણે સરકારના દીર્ઘકાલીન આર્થિક લક્ષ્યાંકો અને ભાવિ ભારતની રોડમેપ સમાન નીતિઓ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

આ કાર્યક્રમમાં અતિથી વિશેષ તરીકે ભારતીય જનતા પાર્ટીના સુરત મહાનગરના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી પંકજ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના વકતવ્યની શરૂઆતમાં જ ભારપૂર્વક જણાવ્યું હતું કે, બજેટ એ માત્ર આવક અને ખર્ચનો આંકડાકીય દસ્તાવેજ નથી પરંતુ તે દેશના ભાવિ વિકાસ માટેનું એક સ્પષ્ટ વિઝન દર્શાવે છે. તેમણે કેન્દ્રીય બજેટ ૨૦૨૬ના મુખ્ય મુદ્દાઓ જેવા કે શિક્ષણ, મહિલા સશક્તિકરણ, રોજગારી, પાયાની સુવિધાઓ અને સરકારના વિકાસલક્ષી આયોજનો વિશે ખૂબ જ સરળ અને સ્પષ્ટ શબ્દોમાં સમજ પૂરી પાડી હતી. બજેટ શા માટે મહત્વનું છે, તેમાં સામાન્ય લોકો માટે કઈ મહત્વની જાણકારીઓ રહેલી હોય છે અને નાગરિકો બજેટ પાસે શું અપેક્ષા રાખે છે, તેવા મુદ્દાઓ પર ચર્ચા કરી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

આ સેમિનારમાં અર્થશાસ્ત્ર વિભાગના ૩૮ જેટલા વિદ્યાર્થીઓએ બજેટના વિવિધ પાસાઓ પર પ્રભાવશાળી ઓરલ અને પોસ્ટર પ્રેઝન્ટેશન રજૂ કર્યા હતા. જેમાં કૃષિ ક્ષેત્ર, દરેક જિલ્લામાં કન્યા છાત્રાલયની સુવિધા, શિપ રિપેર સેકટર અને ઓરેન્જ ઇકોનોમી જેવા ઉભરતા આર્થિક ક્ષેત્રો પર વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત, વિદ્યાર્થીઓએ સંરક્ષણ અને આરોગ્ય બજેટનું તુલનાત્મક વિશ્લેષણ તથા 'રૂપિયો કયાંથી આવે છે અને કયાં જાય છે' તે વિષય પર આકર્ષક પોસ્ટર પ્રસ્તુત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું કુશળ સંચાલન ડૉ. મનિષ આર. પટેલ અને પ્રકાશ વસાવા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કુલ લગભગ ૧૫૦ જેટલા અધ્યાપકો અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમના અંતે રાઉત રોશન દ્વારા ઉપસ્થિત તમામ મહેમાનો અને સહભાગીઓનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

## પાંચ દિવસીય કાર્યશાળા ઉદ્ઘાટન કાર્યક્રમ









અર્થશાસ્ત્ર વિભાગ ખાતે તા. ૧૨/૦૨/૨૦૨૬નાં રોજ પાંચ દિવસીય કાર્યશાળાનું ઉદ્ઘાટન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત કાર્યશાળાનું આયોજન RUSH કોમ્પોનન્ટ અંતર્ગત અર્થશાસ્ત્ર વિભાગ અને શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર અને નૉલેજ કોન્સોર્ટિયમ ઑફ ગુજરાતમાં સંયુકત પ્રાયસ હેઠળ થયું છે. કાર્યશાળામાં તા. ૧૨/૦૨/૨૦૨૬ થી ૧૬/૦૨/૨૦૨૬ દરમિયાન "Promotion of Research and Facilities in Higher Education" વિષય પર જુદા જુદા વિષય નિષ્ણાંતો દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. પ્રસ્તુત કાર્યક્રમમાં ઉદ્ઘાટન સમારંભમાં વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, સમાજશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ. મધુભાઈ ગાયકવાડ તથા અર્થશાસ્ત્ર વિભાગનાં પ્રાધ્યાપક ડૉ. યોગેશ એન. વાંસિયા હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પરંપરાગત રીતે દીપ પ્રાગ્ટ દ્વારા કરવામાં આવ્યું અને ઉપસ્થિત અતિથિ ગણોનું સ્વાગત વિશ્વવિદ્યાલય ખેસ તથા ભગવત ગીતા દ્વારા અભિવાદન કરવામાં આવ્યું. ત્યારબાદ ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા પ્રસ્તુત કાર્યશાળાનાં મુખ્ય હેતુઓ જેમાં ખાસ કરીને ઉચ્ચ શિક્ષણમાં ઉચ્ચ ગુણવત્તાયુકત અને આંતર–શાખાકીય, શૈક્ષણિક સંશોધન માટે અનિવાર્ય એવી આધુનિક સંશોધન પદ્ધતિઓ અને સાધનોથી સજ્જ કરી, પ્રાધ્યાપકો, વિદ્વાનો અને વિદ્યાર્થીઓની સંશોધન ક્ષમતામાં વધારો કરવો અંગે જાણકારી આપી ઉપસ્થિત અતિથીગણોનું શાબ્દિક સ્વાગત તથા કાર્યક્રમની રૂપરેખા તથા વિષય પર ચર્ચા કરવામાં આવી હતી. ત્યારબાદ ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા અને વિભાગને આગળ પણ આવી શિક્ષણ પ્રવૃત્તિ થાય તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યશાળામાં કુલ ૭૧ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યશાળાનું આયોજન ડૉ. યોગેશ એન. વાંસિયા તથા ડૉ. મનીષ આર. પટેલ દ્વારા કરવામાં આવ્યું છે. આ કાર્યશાળાના આયોજન અને સફળતા બદલ વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી તથા ડૉ. ગૌરાંગ રામીએ શુભેચ્છાઓ પાઠવી હતી.

## એ.એસ.ચારણ વ્યાખ્યાનમાળા અંતર્ગત સામાજિક વિજ્ઞાનમાં સંશોધન વિષય પર વ્યાખ્યાન



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા તા. ૧૨/૦૨/૨૦૨૬નાં રોજ વિભાગનાં અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામીનાં માર્ગદર્શન હેઠળ એ.એસ.ચારણ વ્યાખ્યાનમાળા આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત વ્યાખ્યાનનો વિષય "Research in Social Science" હતો. જેમાં મુખ્ય અતિથી તરીકે સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝનાં પુર અધ્યક્ષ અને અધ્યાપક ડૉ. સત્યકામ

જોશી હાજર રહ્યા હતા. વ્યાખ્યાનમાળાની શરૂઆત ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા પ્રસ્તુત કાર્યક્રમનાં વિષય અને મુખ્ય વક્તાનાં પરિચય સાથે કરવામાં આવી. ત્યારબાદ મુખ્યવક્તાનું સ્વાગત કરવામાં આવ્યું. કાર્યક્રમને આગળ વધારતા ડૉ. સત્યકામ જોશી દ્વારા પોતાનું વકતવ્ય રજૂ કરવામાં આવ્યું, વ્યાખ્યાન દરમિયાન વક્તાએ જણાવ્યું હતું કે, સામાજિક વિજ્ઞાનમાં સંશોધન એ માત્ર શૈક્ષણિક પ્રક્રિયા નથી, પરંતુ સમાજની જટિલ સમસ્યાઓના ઉકેલ માટેનું એક સચોટ શાસ્ત્ર છે. તેમણે ડેટા કલેકશનની આધુનિક પદ્ધત્તઓ, આંતર શાખાકીય અભિગમ અને સંશોધનમાં નૈતિકતાના મહત્વ પર ભાર મૂકયો હતો.

વધુમાં, તેમણે જણાવ્યુ કે, આજના ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયા અને ટેક્નોલોજી દ્વારા સામાજિક પ્રવાહોને સમજવા સંશોધકો માટે સરળ બન્યા છે. વ્યાખ્યાનના અને આભારવિધિ કરવામાં આવી હતી. આ વ્યાખ્યાનમાળાનાં આયોજન અને સફળતા બદલ વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તથા ડૉ. ગૌરાંગ રામીએ શુભેચ્છાઓ પાઠવી હતી.

## આંતરરાષ્ટ્રીય સેમિનાર













તા. ૨૧–૦૨–૨૦૨૬નાં રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં સ્થિત અર્થશાસ્ત્ર વિભાગ ખાતે PM-USHA MERU Soft Component અંતર્ગત અંતરરાષ્ટ્રીય કક્ષાનાં એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું જેનો વિષય "Health and Well-being in the 21st Century: An Interdiciplinary Approch" હતો. જેમાં મુખ્ય અતિથી તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનાં કુલપતિ ડૉ.કિશોરસિંહ ચાવડા, મુખ્ય વક્તા તરીકે ડૉ. કિરણ પંડયા (સાર્વજનિક વિશ્વવિદ્યાલય, સુરત), ડૉ.નિમિષા શુક્લા (અધ્યાપક અને અધ્યક્ષ, ગ્રામીણ અર્થશાસ્ત્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ), ડૉ.ક્રિષ્નરાજ ચુડાસમા (કુલસચિવ, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય બરોડા) તથા આર્ટસ ફેકલ્ટીનાં અસોસિયેટ ડીન ડૉ.દિલીપ વરસાણી,અર્થશાસ્ત્રનાં અધ્યક્ષ ડૉ.ગૌરાંગ ડી.રામી હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પરંપરાગત રીતે દીપ–પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યું. ત્યારબાદ ઉપસ્થિત મહેમાનશ્રીઓનું સ્વાગત વિશ્વવિદ્યાલય ખેસ,મોમેન્ટો તથા ભગવત ગીતા દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનાં કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા પ્રસ્તુત સેમિનારનાં આયોજન અને સફળતા બદલ પ્રેરણા અને શુભેચ્છા વક્તવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને આગળ વધારતા ડૉ.ગૌરાંગ ડી.રામી દ્વારા ઉપસ્થિત અતિથીગણ અને સેમિનારમાં ભાગ લેનાર સભ્યોનું શાબ્દિક સ્વાગત અને પરિચય રજૂ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ આંતરરાષ્ટ્રીય સેમિનાર અંગેની સમગ્ર રૂપરેખા ડૉ.યોગેશ એન.વાંસિયા દ્વારા રજૂ કરવામાં આવી હતી. ઉદ્દઘાટન કાર્યક્રમનાં અંતે ડૉ. મનીષ આર.પટેલ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. જેમાં મુખ્ય અતિથી તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનાં કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા અને કાર્યક્રમમાં ભાગ લેનાર સભ્યો, તથા તમામ કર્મચારીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમની સફળ ઉદ્દઘાટન વિધિ બાદ મુખ્ય વક્તાઓ દ્વારા પોતાના વક્તવ્ય રજૂ કરવામાં આવ્યા હતા.જેમાં સૌ પ્રથમ

ડૉ. કિરણ પંડયા દ્વારા પોતાનું વક્તવ્ય રજૂ કરવામાં આવ્યું હતું, જેમાં 'આરોગ્ય સૂચકાંકોનાં મૂલ્યાંકન' વિષે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ત્યારબાદ મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત ડૉ.નિમિષા શુક્લા દ્વારા 'સમકાલીન સ્વાસ્થ્ય સમસ્યાઓ માટે ગાંધીજીની ચાવી' વિષે ચર્ચા કરવામાં આવી. પરિષદને આગળ વધારતા અંતિમ વક્તા ડૉ. ક્રિષ્નરાજસિંહ ચુડાસમા દ્વારા 'સમુદાય આરોગ્ય અને ગ્રામીણ આરોગ્ય સંભાળના પડકારો' વિષે ચર્ચા કરવામાં આવી હતી. સમગ્ર આંતરરાષ્ટ્રીય સેમિનારનું આયોજન કૉ–ઓર્ડીનેટરશ્રી અને અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યાપક ડૉ.મનીષ આર.પટેલ અને ડૉ. યોગેશ એન વાંસિયા દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સેમિનારમાં કુલ ૨૬૭ જેટલા રજીસ્ટ્રેશન થયા તેમાંથી કુલ ૨૦૦ જેટલા સંશોધન પેપર કુલ ૧૧ જુદા જુદા ટ્રેક પર રજૂ કરવામાં આવ્યા હતા. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનાં અને કુલસચિવ ડૉ.આર.સી.ગઢવીએ આંતરરાષ્ટ્રીય સેમિનારનાં આયોજન અને સફળતા બદલ હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

## Department of English

### માતૃભાષા મહોત્સવ–૨૦૨૬નું ભવ્ય આયોજન











વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને અંગ્રેજી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે માતૃભાષા મહોત્સવ–૨૦૨૬નું નવલરામ હોલ, અંગ્રેજી વિભાગ ખાતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું. 'મળી માતૃભાષા મને ગુજરાતી' એવા સૂત્ર સાથે યોજાયેલો આ કાર્યક્રમ માતૃભાષાના મહિમાને ઉજાગર કરનાર રહ્યો. કાર્યક્રમનો પ્રારંભ સવારે ૧૧ વાગ્યે થયો. અતિથિઓ અને ઉપસ્થિત સભ્યોનું સ્વાગત ડૉ. મહેશકુમાર ડે (અધ્યક્ષ, અંગ્રેજી વિભાગ અને ઈવેન્ટ કો–ઑર્ડિનેટર), વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત દ્વારા કરવામાં આવ્યું. તેમણે માતૃભાષા પ્રત્યે માન અને ગૌરવ જાળવવાની આજના સાંપ્રત સમયમાં રહેલી આવશ્યકતા પર ભાર મૂક્યો. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા ઉપસ્થિત રહ્યા. પોતાના સંબોધનમાં તેમણે દરેક વ્યક્તિએ પોતાની માતૃભાષાને જતનથી અનુસરવી અને ભાષા દ્વારા સંસ્કૃતિના પ્રતિનિધિ બનવા માટે સૌને હાકલ કરી. વિશેષ પ્રવચનમાં ડૉ. જયશ્રી જોશીએ ગુજરાતી ભાષાની સમૃદ્ધિ, વૈવિધ્યસભર બોલીઓ અને તેના સંવર્ધન–વિકાસની જરૂરિયાત પર પ્રકાશ પાડયો. ડૉ. ભાગ્યેશ જહાં, અધ્યક્ષ, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરે પોતાના રેકોર્ડેડ સંદેશ દ્વારા માતૃભાષાના સાંસ્કૃતિક મૂળો તથા સાહિત્ય અકાદમીની વિવિધ પ્રવૃત્તિઓ વિશે વાત કરી. વિશેષ અતિથિ અને ગુજરાતી વિભાગના અધ્યક્ષ પ્રોફ. નરેશ શુક્લાએ પણ માતૃભાષાના જતનના મહત્વને રેખાંકિત કર્યું. કાર્યક્રમનું સંચાલન પ્રોફ. પરેશ જોશી દ્વારા કરવામાં આવ્યું. સંયોજનમાં પ્રોફ. મહેશકુમાર ડે અને ડૉ. જયેન્દ્રસિંહ જાદવ, મહામાત્ર, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરનો માતૃભાષાના આ મહોત્સવમાં મહત્વનો હિસ્સો રહ્યો. અંતમાં પ્રોફ. અમિત પ્રજાપતિ દ્વારા આભારવિધિ રજૂ કરવામાં આવી અને માતૃભાષાને સાંસ્કૃતિક સંપત્તિ તરીકે જાળવી રાખવાની અપીલ સાથે કાર્યક્રમ પૂર્ણ થયો.

## Department of Interier Design

### મંદિર વિજ્ઞાન વિષય પર સેમિનાર

વિદ્યાર્થીઓને ભારતના મંદિર સ્થાપત્યકળા અંગેના તથ્યોને સમજાવવા માટે ઈન્ટિરિયર ડિઝાઈનના સંયોજક/ કૉ–ઑર્ડિનેટર શ્રી મેહુલ પટેલ અને ઈવેન્ટ સંયોજક ટેમ્પ–આસિસ્ટન્ટ પ્રોફેસર નિધિ નાવડિવાલા દ્વારા આ કાર્યક્રમનું બે

દિવસનું આયોજન કરવામાં આવ્યું. વિષય એક્સપર્ટ આસિસ્ટન્ટ પ્રોફેસર સુ શ્રી કિનલ પટેલે તેમના વક્તવ્યમાં જણાવતા કહ્યું કે, સુવર્ણ ભારતના પ્રાચીન મંદિરો માત્ર ધાર્મિક સ્થળો જ નહિ, પરંતુ વિજ્ઞાન, કળા અને સંસ્કૃતિના કેન્દ્રો પણ છે. આપણા પૂર્વજોએ મંદિર સ્થાપત્યમાં વિજ્ઞાન અને કળાનો અનોખો સમન્વય કર્યો છે.

- મંદિરોનું નિર્માણ ગણિત, ખગોળશાસ્ત્રના સિદ્ધાંતો પર આધારિત હતું.
- મંદિરોમાં વર્ણવેલા પ્રતિકો અને ચિત્રો ધર્મ અને દર્શનશાસ્ત્રના સિદ્ધાંતોને વ્યક્ત કરે છે.

ભારત દેશમાં મુખ્યત્વે મંદિરોને દ્રવિડ અને નાગર શૈલીમાં વિભાજિત કરવામાં આવે છે. નાગર શૈલીનાં મંદિરો મુખ્યત્વે ગુજરાત મધ્યપ્રદેશ રાજસ્થાન જેવા ઉત્તરી રાજ્યોમાં બનાવવામાં આવ્યા છે. મંદિરના સૌથી ઊંચા શિખર ના ગર્ભ ગૃહમાં મુખ્ય ભગવાનની પવિત્ર મૂર્તિની સ્થાપના કરવામાં આવે છે. આ મંદિરોના ગર્ભ ગૃહનું ભવ્યશિખર કલશ, આમલકા, ગ્રીવા, ભૂમિ, ઉરુશૃંગ, ચંદ્રિકા, ભાદ્ર, રથિકા, શુકનાસિકા, સ્કંદ, તિલક જેવા અંગોથી બને છે. એમ જ સભામંડપ, પ્રદક્ષિણાપાથ, સોપાન, પીઠ, જગતી જેવા અનેક અંગોથી મંદિરનું નિર્માણ થાય છે.

ભારત દેશના દક્ષિણ ભાગ તમિલનાડુ, કેરેલા, કર્ણાટક જેવા રાજ્યોમાં દ્રવિડ શૈલીના મંદિરોનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ શૈલીના મંદિરોમાં ગર્ભ ગૃહને ઊંચા વિમાન દ્વારા બારીક કોતરણીથી કંડારવામાં આવે છે જેમાં કલશ, સ્તુપિ, બેકી, કંઠી પ્રસ્તાર, કૂટ, શાલા હાર, અધિષ્ઠાન, ગોપુરમ જેવા અનેક અંગોનો સમાવેશ થાય છે, જેનો ઉપયોગ લગ્ન વિધિ, રાજાનો રાજ્યભિષેક, સંગીત તથા નાટ્ય પ્રસ્તુતિ, ભોજન વ્યવસ્થા માટે કરવામાં આવતો હતો.

તમિલનાડુના તંજાવુરમાં આવેલું એક પ્રખ્યાત હિંદુ મંદિર બૃહદેશ્વર. જેનું નિર્માણ ૧૧મી સદીમાં ચોલા વંશના રાજારાજા ચોલા પહેલા દ્વારા કરવામાં આવ્યુ હતું. આ મંદિર ભગવાન શિવને સમર્પિત છે અને તે દક્ષિણ ભારતીય સ્થાપત્યનું એક અદભૂત ઉદાહરણ છે. મંદિરનું ગર્ભગૃહ વિશ્વનું સૌથી ઊંચું મંદિર ટાવર છે, જે ૨૧૬ ફૂટ (૬૬ મીટર) ઊંચું છે. જેની ટોચ ઉપર સ્તૂપી (એક વિશાળ અર્ધગોળાકાર પથ્થર)ની રચના છે, જેનું વજન ૮૦ ટન છે. આ વિશાળ સ્તૂપીનું નિર્માણ ચોલા ઉપસ્થિતિઓની ઇન્જિનિંગરિંગ કુશળતાનો પુરાવો છે, જેમણે પથ્થરને વિમાનની ટોટચ પર લાવવા માટે રેમ્પ સિસ્ટમનો ઉપયોગ કર્યો હશે એવું પુરાત્તવવિદો અને ઇતિહાસકારોનું માનવું છે. આ સ્તૂપી એક જ ગ્રેનાઈટ પથ્થરમાંથી બનાવવામાં આવી છે, જે તે સમયની અદ્યતન પથ્થર–કોતરણી તકનીકોનું પ્રદર્શન કરે છે.

મહારાષ્ટમાં આવેલ ઇલોરાનું ગુફા નંબર ૧૬ કૈલાશનાથ મંદિર આ વિશ્વમાં અનન્ય છે. કારણકે આ મંદિર માત્ર એક મોટા પથ્થરમાંથી ઉપરથી નીચેની તરફ કોતરવામાં આવ્યું છે, કહેવાય છે કે આ રચના બનાવવા માટે ૪,૦૦,૦૦૦ ટન ખડકો ખોદવામાં આવ્યા હતા. ૧૩૦૦ વર્ષ જૂની આ શ્રેષ્ઠ કૃતિ વિશ્વના સૌથી મોટા મોનોલિથિક સ્ટ્રકચરમાં એક જ છે. મંદિરનું નિર્માણ ૮મી સદીમાં રાષ્ટકૂટ વંશના શાસન દરમિયા થયું હતું. મંદિરની દિવાલ પર રામાયણ અને મહાભારતની મુખ્ય પ્રાસંગિક ઘટનાઓ, તેમજ ગજલક્ષ્મી, રાવણ શેકીંગ કૈલાશ, સપ્તમાત્રિકા, નૃત્ય કરતા શિવ, નરસિંહા કરતા શિવ , નરસિંહા, કલ્યાણ સુંદરમ અને અન્ય દેવતાઓની અદભૂત કોતરણી છે. આ મંદિર કઈ રીતે હજુ પણ સ્થિર છે એ અંગે કહેતા જણાવ્યું કે એક ચૌકકસ પ્રકારની યંત્રોની ગણતરી અને ભૌમિતિક રચનાઓને ધ્યાનમાં આરખવામં આવ્યો છે જેમાં રી યંત્ર પણ છે.



## Department of Sociology

### 'બીકમિંગ મેનસ્ટ્રુઅલ એજ્યુકેટર' વિષયક વર્કશોપ




વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાની પ્રેરણા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી અને સમાજશાસ્ત્ર વિભાગના વડાશ્રી ડૉ. એમ.એન.ગાયકવાડના માર્ગદર્શન હેઠળ સમાજશાસ્ત્ર વિભાગ અંતર્ગત ચાલતા MSW પ્રોગ્રામ દ્વારા તા. ૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ ઋતુજા ચેરીટેબલ ટ્રસ્ટ, સુરતના સહયોગથી 'બીકમિંગ મેનસ્ટ્રુઅલ એજ્યુકેટર' વિષયક વર્કશોપનું આયોજન વિભાગના સેમિનાર હોલ ખાતે કરવામાં આવ્યું હતું. વર્કશોપમાં ઋતુજા ચેરીટેબલ ટ્રસ્ટના સ્થાપક તથા મુખ્ય રિસોર્સ પર્સન ડૉ. નેહલ શાહ, સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. એમ.એન.ગાયકવાડ તેમજ MSW પ્રોગ્રામના અધ્યાપકો ડૉ. બહાદુર વસાવા અને ડૉ. નવીનકુમાર રોહિત અને MSWના વિદ્યાર્થીઓ સહિત કુલ ૧૦૫ સહભાગીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમના આરંભે ડૉ. એમ.એન.ગાયકવાડે માસિક સ્વચ્છતા અંગે સમાજમાં જાગૃતિ ફેલાવવાની જરૂરિયાત પર ભાર મૂકયો હતો. ત્યારબાદ ડૉ. નેહલ શાહે દ્રશ્ય–શ્રાવ્યના માધ્યમ દ્વારા માસિક સ્વાસ્થ્ય અંગેની વૈજ્ઞાનિક સમજ, સામાજિક ભ્રમણાઓ દૂર કરવાની પ્રક્રિયા તથા સમુદાય આધારિત

કાર્યના મહત્વ વિષે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. આ સાથે તેમણે વિદ્યાર્થીઓને મેનસ્ટ્રુઅલ એજ્યુકેટર બનવા માટે જરૂરી કુશળતાઓ અંગે પણ માહિતી આપી હતી. કાર્યક્રમનું સંયોજન અને આયોજન MSW પ્રોગ્રામના અધ્યાપક ડૉ. નવીનકુમાર રોહિતે કર્યું હતું. અંતે સહભાગી વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો તથા મેનસ્ટ્રુપીડિયા બુકલેટ્સ આપવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું એન્કરીંગ પાર્વતી રાઠવા અને વંદિતા શાસ્ત્રીએ સફળતાપૂર્વક કર્યું હતું. અંતે સેમેસ્ટર-૪ની વિદ્યાર્થીની ઉર્વશી પટેલે આભારવિધિ વ્યકત કરી હતી.

## 'ભારતીય સમાજ પર ઔદ્યોગિકીકરણની અસરો' થીમ ઉપર એક દિવસીય રાષ્ટ્રીય સેમીનાર





વિશ્વવિદ્યાલયના સમાજશાસ્ત્ર વિભાગમાં પી.એમ. ઉષા અંતર્ગત માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવીના માર્ગદર્શન હેઠળ તા. ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ 'ભારતીય સમાજ પર ઔદ્યોગિકરણની અસરો' થીમ ઉપર એક દિવસીય રાષ્ટ્રીય સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમીનારમાં મુખ્ય બીજ રૂપ વકતા તરીકે ડૉ. બાલાજી કેન્દ્રે, વિશેષ વકતા તરીકે ડૉ. રમેશ મકવાણા, તથા અન્ય મહેમાનોમાં ડૉ. જે.સી. પટેલ, ડૉ. એચ.એલ.ચાવડા, ડૉ. કાશીરામ ભોયે, ડૉ. જયપ્રકાશ ત્રિવેદી ઉપસ્થિત રહી વિષય આનુષંગિક વકતવ્ય આપ્યું હતું. સેમીનારના સંયોજક અને વિભાગીય અધ્યક્ષ ડૉ. એમ.એન.ગાયકવાડએ મહેમાનોનું શાબ્દિક સ્વાગક કર્યું હતું. સેમીનારનાં સહસંયોજક ડૉ. અરુણ પંડયાએ કાર્યક્રમના હેતુ અને મુદ્દા અંગે જાણકારી આપી હતી. કાર્યક્રમનાં મુખ્ય મહેમાન કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીએ ઉપસ્થિત રહી પ્રાસંગિક ઉદ્દબોધન કર્યું હતું. સેમીનારમાં બીજ રૂપ વક્તવ્ય મુંબઈ વિશ્વવિદ્યાલયના પ્રોફેસર ડૉ. બાલાજી કેન્દ્રે દ્વારા આપવામાં આવ્યું હતું, જેમાં ઔદ્યોગિકરણ અને તેની સમાજ પર થયેલી અસરોની ચર્ચા કરી હતી. વિશેષ વ્યાખ્યાનમાં ડૉ. રમેશ મકવાણાએ ઔદ્યોગિકરણ અને સ્થાનિક સમુદાયો પર પડતા પ્રભાવ અને પડકારોની રજૂઆત કરી હતી. ભોજન બાદ યોજાયેલી પેનલ ચર્ચાઓમાં ઔદ્યોગિકરણ અને સામાજિક સંસ્થાઓ, ઔદ્યોગિકરણ અને પર્યાવરણ અને ઔદ્યોગિકરણ અને સ્થાનિક સમુદાયો' જેવા મહત્વપૂર્ણ વિષયો પર કી પેપર્સ અને સંશોધન પેપરો રજૂ થયા હતા. સમાપન પ્રસંગે સરદાર પટેલ વિશ્વવિદ્યાલયના નિવૃત પ્રોફેસર ડૉ. જયપ્રકાશ ત્રિવેદીએ ઔદ્યોગિકરણ અને સામાજિક પરિવર્તન વિષય પર પોતાના વિચારો થકી માર્ગદર્શન પૂરું પાડયું હતું. અંતે આભારવિધિ અને પ્રમાણપત્ર વિતરણ સાથે સેમિનાર સફળતાપૂર્વક પૂર્ણ થયો. સદર સેમિનારમાં પ્રોફેસરો, સંશોધકો અને વિદ્યાર્થીઓ મળી લગભગ ૨૫૦થી વધુ સહભાગીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સેમીનારનું સંચાલન અધ્યાપક ડૉ. મોસમ ત્રિવેદીએ આભારવિધિ ડૉ. બહાદુરસિંહ વસાવાએ કરી હતી.

## Department of Business and Industrial Management (DBIM)

### 'ધ ઇનવિન્સિબલ્સ-૨૦૨૬'નું આયોજન





વિશ્વવિદ્યાલય, સુરતના ડિપાર્ટમેન્ટ ઑફ બિઝનેસ એન્ડ ઇન્ડસ્ટ્રીયલ મૅનેજમૅન્ટ દ્વારા એમબીએનું પ્રતિષ્ઠિત વાર્ષિક મૅનેજમૅન્ટ ઇવેન્ટ 'ધ ઇનવિન્સિબલ્સ-૨૦૨૬'નું આયોજન બુધવાર, તારીખ ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ કરવામાં આવ્યું છે. વિભાગના એમબીએ વિદ્યાર્થીઓ દ્વારા આયોજિત આ મૅનેજમૅન્ટ ઉત્સવ વર્ષ ૨૦૧૪ થી સતત યોજાઈ રહ્યો છે, જેમાં અત્યાર સુધીમાં દેશભરની ૫૦થી વધુ સંસ્થાઓના અંદાજે ૪,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ ભાગ લઈ ચૂકયા છે. વર્ષ ૨૦૨૬માં આ ઇવેન્ટને નવતર સ્વરૂપમાં 'મૅનેજમૅન્ટ બૂટકેમ્પ વિથ ગેમ્સ' તરીકે રજૂ કરવામાં આવી છે, જે વિદ્યાર્થીઓને અનુભવ આધારિત શિક્ષણ તરફ દોરી જાય છે. આ કાર્યક્રમ અંતર્ગત વિવિધ વ્યવહારુ અને સ્પર્ધાત્મક પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ટીમકનેક્ટ દ્વારા ટીમ બિલ્ડિંગ અને સંઘર્ષ વ્યવસ્થાપનનું પ્રાયોગિક જ્ઞાન આપવામાં આવશે. બ્રાન્ડબ્લિટ્ઝ સ્પર્ધામાં વિદ્યાર્થીઓ બ્રાન્ડિંગ અને માર્કેટિંગ સ્ટ્રેટેજી વિકસાવશે. ટેકએક્સેલ પ્રવૃત્તિમાં એક્સેલ આધારિત મૅનેજમૅન્ટ ગેમ દ્વારા ડેટા વિશ્લેષણ પર ભાર મૂકવામાં આવશે. આ ઉપરાંત DB-EX

(DBIM એક્સચેન્જ) દ્વારા સ્ટોક માર્કેટ સિમ્યુલેશન મારફતે ટ્રેડિંગનો વાસ્તવિક અનુભવ મળશે, જ્યારે IPL ઑક્શન પ્રવૃત્તિમાં નિર્ધારિત બજેટમાં શ્રેષ્ઠ ટીમ બનાવવાની વ્યૂહાત્મક હરાજી યોજાશે. મૅનેજમૅન્ટ એરિનામાં મૅનેજમૅન્ટના મૂળ સિદ્ધાંતો આધારિત સ્પર્ધાત્મક પ્રવૃત્તિ રહેશે અને 'ધ ગેમ્સ પીપલ પ્લે' અંતર્ગત અર્થશાસ્ત્ર, ગેમ થિયરી અને વ્યૂહાત્મક નિર્ણય આધારિત સિમ્યૂલેશન યોજાશે.

'ધ ઇનવિન્સિબલ્સ–૨૦૨૬' વિદ્યાર્થીઓ માટે માત્ર એક સ્પર્ધા નહી પરંતુ અનુભવ આધારિત શિક્ષણ, સ્પર્ધાત્મક ક્ષમતા વિકાસ અને વ્યાવસાયિક નેટવર્કિંગ માટેનું એમ સશક્ત મંચ પુરું પાડે છે. DBIM દ્વારા આયોજિત આ ઇવેન્ટ મૅનેજમૅન્ટ શિક્ષણને વ્યવહારું દિશામાં લઈ જવાનો એક મહત્વપૂર્ણ પ્રયાસ ગણાય છે.

## 'પ્રેશર–સેન્સિટિવ અસિસ્ટિવ રાઈટિંગ ડિવાઈસ'નું પ્રોજેક્ટ ડિઝાઈન પેટન્ટ હેઠળ નોંધણી



Collapsible Box Structure Design




વિશ્વવિદ્યાલયના Department of ICT વિભાગના વિદ્યાર્થીઓએ આરોગ્ય અને શિક્ષણક્ષેત્રે ઉપયોગી બને તેવી એક નવીન અને પ્રાયોગિક ટેકનોલોજી વિકસાવી નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. 'Pressure-Sensitive Assistive Writing Device' નામના પ્રોજેક્ટ ડિઝાઈન પેટન્ટ કલાસ ૧૯–૦૬ હેઠળ સત્તાવાર રીતે નોંધાયું છે, જે વિશ્વવિદ્યાલયના સંશોધન, નવીનતા અને સામાજિક જવાબદારી પ્રત્યેના પ્રતિબદ્ધ અભિગમને વધુ મજબૂત બનાવે છે. આ સિદ્ધિ વિદ્યાર્થીઓની સંશોધનક્ષમતા અને ટેકનોલોજી આધારિત ઉકેલો વિકસાવવાની ક્ષમતાનો દ્રઢ પુરાવો પૂરું પાડે છે. આ ડિઝાઈનની નોંધણી ૧. તમન્ના શાહ, ૨. ખુશનાઝ ડુમસિયા, ૩. ખુશી શાહ ૪. કૃષ્ણ નડિયાદરા ૫. વ્રજ સુરતવાલા તથા તેમજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના નામે કરવામાં આવી છે. સમગ્ર પ્રોજેક્ટ Department of ICTના વિદ્યાર્થીઓએ અને તેઓના માર્ગદર્શક ડૉ.હિતેશભાઈ લાડના માર્ગદર્શન હેઠળ સંકલ્પના, સંશોધન, ડિઝાઈન, પ્રોટોટાઈપ વિકાસ, પરીક્ષણ અને પેટન્ટ નોંધણી સુધીના તમામ તબક્કાઓ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે. પ્રોજેક્ટ દરમિયાન વિદ્યાર્થીઓએ પ્રયોગાત્મક અભ્યાસ, વપરાશકર્તા પ્રતિસાદ અને તકનિકી સુધારાઓ દ્વારા ઉપકરણને વધુ કાર્યક્ષમ બનાવવાનો પ્રયાસ કર્યો હતો.

આ ઉપકરણ એક સ્માર્ટ અને સહાયક લેખન સાધન છે, જે ખાસ કરીને હાથ અથવા હાથની પેશીની ઇજા બાદ સારવાર લઈ રહેલા દર્દીઓ, પાર્કિન્સન્સ જેવી સ્નાયુ–સંબંધિત બીમારીઓ ધરાવતા વ્યકિતઓ, ડિસ્લેક્સીયા, ડિસ્ગ્રાફિયા જેવી મુશ્કેલીઓ ધરાવતા બાળકો તેમજ લેખન કૌશલ્ય, વિકસાવી રહેલા વિદ્યાર્થીઓ માટે ઉપયોગી સાબિત થઈ શકે છે. લેખન પ્રક્રિયા દરમિયાન થતા સૂક્ષ્મ ફેરફારોનું વૈજ્ઞાનિક વિશ્લેષણ કરીને આ ઉપકરણ વ્યકિતગત જરૂરિયાત મુજબ માર્ગદર્શન પ્રદાન કરે છે. આ ટૅક્નોલોજી આરોગ્ય ક્ષેત્રમાં પુનર્વસન (રીહેબિલિટેશન) પ્રક્રિયાને વધુ અસરકારક બનાવવામાં અને શિક્ષણ ક્ષેત્રમાં લેખન કુશળતા સુધારવામાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે.

ઉપકરણમાં વિશિષ્ટ લેખન સપાટી આપવામાં આવી છે, જેના પર વપરાશકર્તા લખાણ કરે છે. સપાટી પર સ્થાપિત કેમેરા લખાણની તસ્વીરો કૅપ્ચર કરે છે અને તે ડેટા સિસ્ટમમાં પ્રોસેસ થાય છે. વિદ્યાર્થીઓ દ્વારા વિકસાવવામાં આવેલા કૃત્રિમ બુદ્ધિ (AI) આધારિત મોડલ દ્વારા લખાણનું વિશ્લેષણ કરવામાં આવે છે. સિસ્ટમ લખાણમાં રહેલી ભૂલોનો ટકાવાર દર્શાવે છે, અક્ષરોની રચના, આકાર અને ગોઠવણીની ચોકસાઈનું મૂલ્યાંકન કરે છે તેમજ કયા અક્ષરો અથાવ શબ્દો માટે વધુ પ્રેક્ટિસ જરૂરી છે તે અંગે વ્યકિતગત સૂચનો આપે છે. આ સમગ્ર પ્રક્રિયા મોબાઈલ ઍપ્લિકેશન સાથે સંકલિત છે, જેના કારણે વપરાશકર્તા, શિક્ષક અથવા થેરાપિસ્ટ સરળતાથી પ્રગતિનું નિરિક્ષણ કરી શકે છે.

ઉપરાંત, ઉપકરણમાં પ્રેશર સેન્સર યુકત વિશેષ પેનનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે લખતી વખતે લાગતા દબાણને (ન્યુટન એકમમાં) રિયલ ટાઈમમાં માપે છે. લેખન દરમિયાન દબાણના માપદંડો હાથની પેશીઓની શક્તિ, નિયંત્રણ અને સ્થિરતામાં થતા સુધાર અંગે મહત્વપૂર્ણ માહિતી આપે છે. એકત્રિત થયેલા આંકડાઓ મોબાઈલ ઍપ્લિકેશનમાં આંકડાકીય તથા ગ્રાફ સ્વરૂપે દર્શાવવામાં આવે છે, જેના આધારે પ્રગતિનું તુલનાત્મક વિશ્લેષણ શક્ય બને છે. આ સુવિધા થેરાપિસ્ટ, શિક્ષક અને વાલી માટે માર્ગદર્શક બની વ્યકિતગત વિકાસયોજનાઓ ઘડવામાં સહાયક બની શકે છે.આ પ્રોજેક્ટ ગુજરાત સરકારની SSIP 2.0 યોજના હેઠળ પ્રોટોટાઈપ વિકાસ અને ડિઝાઈન પેટન્ટ ફાઈલિંગ માટે આર્થિક સહાય પ્રાપ્ત થઈ હતી. વિશ્વવિદ્યાલયમાં ઉપલબ્ધ સંશોધનમુખી વાતાવરણ, પ્રયોગશાળાઓની સુવિધા અને માર્ગદર્શન પ્રણાલી વિદ્યાર્થીઓને નવીન અને સમાજોપયોગી ટૅક્નોલોજી વિકસાવવા પ્રોત્સાહિત કરે છે. વિદ્યાર્થીઓની આ સિદ્ધિ વિશ્વવિદ્યાલયના ગૌરવમાં વધારો કરતી હોવા ઉપરાંત આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે ટૅક્નોલોજી આધારિત સશકિતકરણ તરફ એક મહત્વપૂર્ણ અને પ્રેરણાદાયી પગલું સાબિત થશે.

## મહાવિદ્યાલય સમાચાર

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી.

#### Age & Reproductive Health વિષય પર સેમિનાર



તા. ૦૫/૦૨/૨૦૨૬ના રોજ ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ Age & Reproductive Health" વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વક્તા તરીકે ડૉ. વિશ્વાબેન ચાવડા રહ્યા હતા. જેમાં કુલ ૬૦ જેટલી વિદ્યાર્થીનીઓ સહભાગી બની હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૉલેજનાં પ્રાધ્યાપક ડૉ. સ્વાતિબેન જોશી અને પ્રાધ્યાપક ક્રિષ્નાબેન દેવાણી એ કર્યુ હતું.

#### શૈક્ષણિક વર્ષ : ૨૦૨૫–૨૬માં 'ત્રીજો રક્તદાન શિબિર'



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, એન.એસ.એસ. વિભાગ, આઈ.કયુ.એ.સી. અમરોલી મેડીકલ સર્કલ, ફેમિલી ફિઝિશ્યન એસોસિએશન વિભાગના સંયુકત ઉપક્રમે ઇ.ચા. આચાર્યશ્રી ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ તા. ૨૬/૦૨/૨૦૨૬, શુક્રવારના રોજ શૈક્ષણિક વર્ષ:૨૦૨૫–૨૬માં "ત્રીજા રક્તદાન શિબિર"નું આયોજન થયું હતું. તેમાં અમરોલી મેડીકલ સર્કલ, ફેમિલી ફિઝિશીયન એસોસીઅશ, સુરત રક્તદાન કેન્દ્ર, લાયંસ ક્લબ ઑફ સુરત, જાયન્ત્સ ગ્રુપ ઑફ સુરત, જાયન્ત્સ ગ્રુપ ઑફ ગ્રેટર, રેડ ક્રોસ સુરત અને JCI સુરત મેટ્રોના આદરણીય પ્રમુખ તથા સભ્યો હાજર રહી રક્તદાતાઓને સ્મૃતિભેટ આપી પ્રોત્સાહન વધાર્યુ હતું. સમગ્ર શિબિરનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઑફિસરશ્રી પ્રા. વિજયભાઈ ચૌધરી, પ્રા. ડૉ. નિહારિકાબેન જોશી અને ડૉ. મયંકભાઈ સોઢા તથા NSS સ્વયંસેવકોએ કર્યુ હતું. આ શિબિરમાં જીવન જ્યોત ટ્રસ્ટના મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ હાજર રહ્યા હતા. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને સ્ટાફસભ્યોએ પણ ઉત્સાહભેર રક્તદાન કરી ૪૭ બેગ એકત્ર થઈ હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અમરોલી કૉલેજનાં શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તથા એન.એસ.એસ. સ્વયંસેવકોએ ભારે જહેમત ઉઠાવી હતી.

#### Age & Reproductive Health વિષય પર સેમીનાર



તા. ૦૭ ફેબ્રુઆરી, ૨૦૨૬નાં રોજ ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ Empowering Women Seminar 2026 અંતર્ગત "Age & Reproductive Health" વિષય પર એક માહિતીસભર અને ઇન્ટરએક્ટિવ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે Surat Obstetrics & Gynecology Societyનાં ડૉ. સંધ્યા છાસટિયા અને ડૉ. નૂપુર છાસટિયા ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને કૉલેજ ગીતથી કરવામાં આવી હતી. સેમિનાર દરમિયાન મહિલાઓના વય અનુસાર થતાં શારીરિક અને પ્રજનન સ્વાસ્થ્ય સંબંધિત બદલાવ, પોષણ, માસિક ધર્મ, હોર્મોનલ ફેરફાર, પ્રજનન ક્ષમતા, તેમજ આરોગ્યની કાળજી અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું. કાર્યક્રમનાં અંતમાં વિદ્યાર્થીઓ અને ડૉક્ટરો વચ્ચે પ્રશ્ન–ઉત્તર સાથેનું ઇન્ટરએકિટવ સેશન યોજાયું, જેમાં વિદ્યાર્થીઓએ પોતાના મનમાં ઉદ્ભવતા પ્રશ્નો પૂછયા અને ડૉક્ટરોએ સરળ અને વૈજ્ઞાનિક રીતે ઉકેલ આપ્યો. આ ઇન્ટરએક્ટિવ સેશન દ્વારા વિદ્યાર્થીઓને તેમના શારીરિક અને પ્રજનન સ્વાસ્થ્ય અંગે જાગૃતિ મળી. ડૉક્ટરોના સરળ અને સ્પષ્ટ જવાબોથી વિદ્યાર્થીઓના સંશયો દૂર થયા સ્વસ્થ જીવનશૈલી અપનાવવાનો સંદેશ મળ્યો. સમગ્ર કાર્યક્રમમાં ૨૬૩ જેટલા વિદ્યાર્થીઓ અને ૧૫ મહિલા શૈક્ષણિક સ્ટાફનાં સભ્યો સહભાગી બન્યા હતા અને આ સેમીનાર તેમના માટે ખૂબ જ માર્ગદર્શક અને ઉપયોગી સાબિત થયો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા.ડૉ. સ્વાતિબેન જોશીએ કર્યુ હતું. તેમજ ઉદઘોષક તરીકે ડૉ. ઝંખનાબેન પરમાર રહ્યા હતા.

#### 'Breast Cancer Screening Camp'નું આયોજન

તા. ૦૯ ફેબ્રુઆરી, ૨૦૨૬ ને સોમવાર અને તા. ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ને મંગળવારનાં રોજ ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ Staff Welfare અંતર્ગત બ્રેસ્ટ કેન્સર અંગે જાગૃતતા કેળવવા માટે જીવન જ્યોત ટ્રસ્ટ દ્વારા જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજના ટીચિંગ અને નોન–ટીચિંગ મહિલા સ્ટાફ માટે

'બેસ્ટ કેન્સર સ્ક્રીનીંગ'નું આયોજન 'ડૉ. અમિત આર.ગુપ્તા' દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં દરેક સ્ટાફસભ્યોએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં ખૂબ સફળ રહ્યો હતો.

## Health Wellness Programનું આયોજન



તા. ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ ઇ.ચા.પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ Staff Welfare અંતર્ગત ટીચિંગ અને નોન–ટીચિંગનાં સ્ટાફ માટે Health Wellness Programનું આયોજન કરવામાં આવ્યું હતું. કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી તથા વેલનેસ કોચ 'શ્રી આદિત્ય પટેલ' દ્વારા દરેક સ્ટાફ મિત્રોના અગત્યના બોડી પેરામીટર જેવા કે, બી.એમ.આઈ, વીએફ, બોડી ફેટ, બોડી મેટાબોલીક એઈજ, મસ્કયુલર માસ અને માપીને ભવિષ્યમાં કયા રોગો થવાની શક્યતા છે અને તેનાથી બચવા માટે શું કરવું જોઈએ તેનું વ્યકિતગત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં દરેક સ્ટાફસભ્યો એ ભાગ લીધો હતો.

## 'માતૃભાષા મહોત્સવ ૨૦૨૬'નું આયોજન



તા. ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ને રવિવારનાં રોજ ઇ.ચા. પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ ગુજરાત સાહિત્ય એકાદમી, ગાંધીનગર જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીના સંયુકત ઉપક્રમે માતૃભાષા સપ્તાહ અંતર્ગત 'માતૃભાષા મહોત્સવ ૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા વર્તમાન વિદ્યાર્થીઓ દ્વારા એકપાત્રીય અભિનય અને વાંચન કરવામાં આવ્યું હતું તથા માતૃભાષા ગુજરાતીના મહત્વ વિષે વાતો કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે શ્રી સવજી પાંગડા, વકતા તરીકે મિહિર પાઠક, નિશાંત નાયક, વત્સલ શેઠ અને સપના શેઠ હાજર રહ્યા હતા. કાર્યક્રમ ખૂબ સફળ રહ્યો હતો.

## ખેલમહાકુંભમાં સુવર્ણ પ્રદર્શન



તા. ૧૬ ફેબ્રુઆરી થી તા. ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી ગાંધીગ્રામ જુનાગઢ ખાતે આયોજીત ખેલ મહાકુંભમાં ઇ.ચા. પ્રિ.ડૉ. સેજલબેન એ. દેસાઈ, કૉલેજના પ્રાધ્યાપક ડૉ. રુસ્તમ સદરી તેમજ કોચ નિમેશ સુરતીના માર્ગદર્શન હેઠળ જે.ઝેડ. શાહ આર્ટ્સ અને એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીના કુલ ૧૦ વિદ્યાર્થીઓએ વેઇટઈલીફટીગમાં ભાગ લીધો હતો. જેમાં વિદ્યાર્થીઓએ સારું પ્રદર્શન આપી ટીમે ૪ ગોલ્ડ, ૩ સિલ્વર, અને ૩ બ્રોન્ઝ એમ કુલ ૧૦ મેડલ મેળવ્યા હતા.

## પી.એચડી. થયા



જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજમાં કાર્યરત કોમર્સ વિષયનાં પ્રાધ્યાપિકા કાજલ એચ. પટેલ દ્વારા રજૂ કરેલા મહાશોધ નિબંધ "An Effect of E-Advertising on Customer Buying Behaviour: An Empirical Study for FMCG Products with Reference to Surat City"ને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય એ માન્ય રાખી તેમને કોમર્સ વિષયમાં પી.એચડી.ની પદવી એનાયત કરી છે. તેમણે આ મહાશોધ નિબંધ જે. ઝેડ.શાહ. આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજનાં ઍકાઉન્ટન્સી વિભાગના પ્રા. ડૉ. મયંક વ્રજલાલ સોઢાના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો હતો.

## પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

## કિરણ મેડિકલ હોસ્પિટલની મુલાકાત



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીની ૬ ગુજરાત ગર્લ્સ બટાલીયન એન.સી.સી. કેડેટ્સ અને કૉલેજના વિદ્યાર્થીઓએ કિરણ હોસ્પિટલની મુલાકાત તા. ૩૧–૦૧–૨૦૨૬નાં રોજ લીધી હતી. કિરણ હોસ્પિટલની મુલાકાત દરમ્યાન કિરણ હોસ્પિટલની અધ્યક્ષ, પદ્મશ્રી મથુરભાઈ સવાણી દ્વારા પ્રેરણાદાયી અને જ્ઞાનવર્ધક પ્રવચનથી વિદ્યાર્થીઓમાં સમાજ પ્રત્યે જવાબદારીની ભાવના જાગૃત કરી હતી. તેમજ ડૉ. દેવ્યાની પટેલે શરીરના સંકેતો (બોડી સિગ્નલસ) અને સી.પી.આર. (CPR) વિષયક મહત્વપૂર્ણ માહિતી આપી હતી. ડૉ. અરુણા કટારીકએ (સ્ત્રીરોગ નિષ્ણાંત) વ્યકિતગત સ્વચ્છતા તથા શરીરની વ્યકિતગત સફાઈ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. જ્યારે ડૉ. અનુજ ખંડેલવાલાએ તમામ વિદ્યાર્થીઓને સામાજિક અને મોબાઈલ ના ફાયદા, ગેરફાયદા અંગે સમજ આપી. કિરણ હોસ્પિટલની મુલાકાતમાં એન.સી.સી. કેડેટ્સ ઉપરાંત એન.એસ.એસ.નાં વિદ્યાર્થીઓ તેમજ કૉલેજના અન્ય વિદ્યાર્થીઓએ અચૂક ભાગ લીધો હતો. ડૉ. મુકેશ આર. ગોયાણી અને એન.સી.સી. ઓફિસર ડૉ. અનીલા પીલ્લાઈનાં માર્ગદર્શન અને હાજરીમાં એન.સી.સી. કેડેટ્સ SUO હેપ્પી હિરપરા અને JUO ધ્રુવી ગોહિલ તેમજ એન.સી.સી.નાં વિદ્યાર્થી ઉત્સવ સેજપાલ અને સૂર્યમ કલાથીયાના સહયોગ અને સહકારથી કિરણ હોસ્પિટલની મુલાકાત ગોઠવાઈ હતી.

## એન.સી.સી. કેડેટ્સની સામાજિક જાગૃતિ માટે 'મિશનરીઝ ઓફ ચેરીટી'ની મુલાકાત



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીની ૬ ગુજરાત ગર્લ્સ બટાલિયનના કેડેટ્સે વરિયાવ ખાતે મિશનરીઝ ઑફ ચેરિટી, શાંતિવન લેપ્રસી હોમની મુલાકાત તા. ૦૩/૦૨/૨૦૨૬નાં રોજ લીધી હતી. આ મુલાકાતનો હેતુ કેડેટ્સમાં કરુણા, સામાજિક જવાબદારી અને માનવતાવાદી મૂલ્યોનો વિકાસ કરવાનો હતો. કેડેટ્સને મિશન ચેરિટના સિસ્ટર ફ્રાન્સિસને મળવાની તક મળી, જેમણે જૂથનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું અને તેમને મિશનરીઝ ઑફ ચેરિટી અને જરૂરિયાતમંદો પ્રત્યેની તેમની નિઃસ્વાર્થ સેવા વિશે માહિતી આપી. મિશન ચેરિટીના સિસ્ટર રોઝાલીએ કેડેટ્સને સંબોધિત કર્યા અને સમાજને આપવામાં આવતી સેવાઓ, રક્તપિત્ત અને ટીબી પીડિતોની સંભાળ, માનવીય બનવાના મહત્વ અને સાથી માનવીઓ પ્રત્યે કાળજી અને કરુણા સાથે કાર્ય કરવાના મહત્વ વિશે વિગતવાર વાત કરી. ડૉ. મુકેશ આર. ગોયાણી અને એન.સી.સી. ઓફિસર ડૉ. અનિલા પિલ્લાઈનાં માર્ગદર્શન અને હાજરીમાં એલ.સી.પી.એલ નિધી જોષીના નેતૃત્વમાં, સામાજિક સેવા અને સમુદાય આઉટરીચ પ્રવૃત્તિના ભાગ રૂપે મુલાકાત ગોઠવાઈ હતી.

## બી.કોમનાં વિદ્યાર્થીઓ માટે સેમિનારનું આયોજન




જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૦૯/૦૨/૨૦૨૬ને સોમવારે "Limited Liability Partnership (LLP)" વિષય પર બી.કોમ.નાં વિદ્યાર્થીઓ માટે સેમિનારનું આયોજન થયું હતું. સેમીનારના મુખ્ય અતિથિ તરીકે Shri Parveen J. Ojha (Partner, PKO & Associates) ઉપસ્થિત રહી "Limited Liability Partnership (LLP)" વિષય પર વિદ્યાર્થીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી. બી.કોમ.નાં કુલ ૧૧૦ વિદ્યાર્થીઓએ લાભ લીધો. આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ બી.કોમ. કૉ–ઓર્ડિનેટર પ્રા. ભરત બસરાણી દ્વારા કરવામાં આવ્યું હતું.

## વિવિધ કંપનીઓ દ્વારા કેમ્પસ પ્લેસમેન્ટનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૯/૨/૨૦૨૬ના રોજ ટી.વાય.બી.બી.એ., ટી.વાય.બી.સી.એ. અને ટી.વાય.બી.કોમના વિદ્યાર્થીઓ માટે કેમ્પસ પ્લેસમેન્ટ ડ્રાઈવનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડ્રીમચાઈલ્ડ લાઈફ સાયન્સ LLP, ગ્રોલાઉડર, બેસ્ટ બેંક જોબ એકેડમી, હિરવા એચઆર સોલ્યુશન્સ પ્રાઇવેટ લીમીટેડ, HDFC બેંક, જેવી કંપનીઓમાં આસિસ્ટન્ટ મેનેજર, કસ્ટમર કેર એક્ઝિક્યુટિવ, કાઉન્સેલર, ટેલીકોલર, કેશિયર, ટેલર અને બિઝનેસ ડેવલપમેન્ટ એક્ઝિક્યુટિવ જેવા વિવિધ હોદ્દાઓ માટે ઇન્ટરવ્યું કરવામાં આવ્યા હતા. જેમાં કુલ ૭૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને ૩૦ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. આ સમગ્ર પ્લેસમેન્ટ ડ્રાઈવનું આયોજન આચાર્ય ડૉ. મુકેશ ગોયાણી અને બી.બી.એ. કૉ–ઓર્ડિનેટર ડૉ. સ્વાતિ મહેતાના માર્ગદર્શન હેઠળ ડૉ. સોયેબ મેમણ, ડૉ. વિશ્વનાથ બોરસે અને પ્રા. ઇશા દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

## જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલીની સ્વનિર્ભર કૉલેજનું ગૌરવ



ખેલ મહાકુંભ રાજ્યકક્ષા જીમનાસટિક સ્પર્ધા, શ્રી છોટુભાઈ પુરાણી કૉલેજ જીમનેશિયમ હોલ, રાજપીપળા મુકામે તા. ૦૯/૦૨/૨૦૨૬ અને ૧૦/૦૨/૨૦૨૬ દરમ્યાન સ્પર્ધા યોજાઈ હતી જેમાં જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીની એફ.વાય.બી.સી.એમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની ભગત રિદધી ફૂલેનભાઈ એ ભાગ લઈ આર્ટિસ્ટીક જીમનાસટિક ફલોર એકસરસાઈઝમાં દ્વિતીય ક્રમ અને બેલેન્સીંગ બીમમાં ત્રીજો ક્રમ પ્રાપ્ત કરી મેડલ મેળવ્યા હતો. કૉલેજનું ગૌરવ વધારવા બદલ કૉલેજનાં આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણી, કૉ–ઓર્ડિનેટર, સ્પોર્ટ્સ ટીચર પ્રા.ડૉ. પ્રદીપકુમાર લેન્કા અને ડૉ. હેતલ ઢીમ્મર, શૈક્ષણિક તેમજ વહીવટી સ્ટાફ તથા જીવન જ્યોત ટ્રસ્ટના પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવે છે.

## માતૃ–પિતૃ વંદના કાર્યક્રમ



ખેલ મહાકુંભ રાજ્યકક્ષા જીમનાસ્ટીક સ્પર્ધા, શ્રી છોટુભાઈ પુરાણી કૉલેજ જીમનેશિયમ હોલ, રાજપીપળા મુકામે તા. ૦૯/૦૨/૨૦૨૬ અને ૧૦/૦૨/૨૦૨૬ દરમ્યાન સ્પર્ધા યોજાઈ હતી જેમાં જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૧૪/૦૨/૨૦૨૬નાં રોજ માતૃપિતૃ વંદના કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટયથી કરવામાં આવી હતી. કાર્યક્રમનાં મુખ્ય મહેમાન તરીકે શ્રી હેમાન્સું મહેતા (IMCTF ઈન્સ્ટીટ્યુટ), શ્રી મહાદેવભાઈ આચાર્ય, માધવબાગ વિદ્યાલય અમરોલી તથા પંકજભાઈ ઉપસ્થિત રહ્યા હતા. મહાદેવભાઈએ પોતાના પ્રવચનમાં માતા–પિતાના મહત્વ વિષે વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી સંદેશ આપ્યો. જીવનમાં માતા–પિતાનું સ્થાન સર્વોચ્ચ છે અને તેમના આશીર્વાદ વિના સફળતા અપૂર્ણ છે. તેમજ બીજા મહેમાનોએ માતા–પિતાની સેવા અને સન્માન કરવા પ્રેરણા આપી. કાર્યક્રમનો મુખ્ય હેતુ પવિત્ર અને ભાવનાત્મક માતા–પિતાના ત્યાગ, પ્રેમ અને સંસ્કારો પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરવાનો હતો. વિદ્યાર્થીઓએ ગીત, કવિતા અને ભાષણ જેવી વિવિધ કૃતિઓ રજૂ કરી હતી. કાર્યક્રમનું આયોજન ડૉ. મુકેશ આર. ગોયાણીનાં માર્ગદર્શન હેઠળ એન.સી.સી. ઓફિસર ડૉ. અનિલા પિલ્લાઈ અને પ્રા. જયોતિકા ટેલર, પ્રા. ડૉ. વિરલ પોલીસવાળા તેમજ પ્રા. ભરત બસરાની દ્વારા કરવામાં આવ્યું હતું.

## જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલીની સ્વનિર્ભર કૉલેજનું ગૌરવ



ખેલ મહાકુંભ ૨૦૨૫ અંતર્ગત રાજ્યકક્ષા વેઈટલીફટીંગ સ્પર્ધા તા. ૧૬/૨/૨૦૨૬ અને ૧૭/૨/૨૦૨૬ દરમ્યાન સરદાર પટેલ સ્પોર્ટસ કોમ્પલેક્ષ જુનાગઢ ખાતે યોજાઈ હતી. જેમાં જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, આર.વી. પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીનો વિદ્યાર્થી દીક્ષીત ગૌરવ જીતેન્દ્રભાઈ એફ.વાય.બી.સી.એ. ભાગ લઈ તૃતીય ક્રમ પ્રાપ્ત કરી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. આ સિદ્ધિ હાંસલ કરવા બદલ આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણી, સ્પોર્ટ્સ ટીચર ડૉ. પ્રદીપકુમાર લેન્કા અને ડૉ. હેતલ ઢીમ્મર તેમજ સમગ્ર સ્ટાફે અભિનંદન પાઠવ્યાં હતાં.

## વિશ્વવિદ્યાલય ઇન્ટર કૉલેજ કબડ્ડીમાં જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સ્વનિર્ભર કૉલેજનાં વિદ્યાર્થી ઝળકિયા



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સુરત દ્વારા આયોજિત B & D ઝોન ઇન્ટર કૉલેજ કબડ્ડી ભાઈઓ સ્પર્ધા તા. ૦૧ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ આદર્શ કેળવણી મંડળ સંચાલિત સાયન્સ એન્ડ કોમર્સ કૉલેજ, તરસાડી કોસંબા ખાતે યોજાયેલ હતી. જેમાં જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, આર.વી. પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલી, ટીમે ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ રમતમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી 2nd રનરઅપ રહ્યા હતા અને આંતર કૉલેજ કબડ્ડી સ્પર્ધા માટે પસંદગી પામી છે. વિદ્યાર્થીઓની આ સિદ્ધિ હાંસલ કરવા બદલ આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણી, સ્પોર્ટ્સ ટીચર ડૉ. પ્રદીપકુમાર લેન્કા અને ડૉ. હેતલ ઢીમ્મર તેમજ સમગ્ર સ્ટાફ તથા જીવન જ્યોત ટ્રસ્ટ પરિવાર અભિનંદન પાઠવે છે.

## વાર્ષિકોત્સવ અંતર્ગત 'સ્વસ્તિકઃ કારવાન હુનર કા' નામે ભવ્ય આયોજન

જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલી દ્વારા આવનારા તા. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫: ૦૦ કલાકે વાર્ષિકોત્સવ અંતર્ગત "સ્વસ્તિક : કારવાન હુનર કા" નામે ભવ્ય સંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સમાજજીવન, શિક્ષણ અને પ્રશાસન ક્ષેત્રની પ્રતિષ્ઠિત હસ્તીઓ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ભારત સરકાર દ્વારા પદ્મશ્રીથી સન્માનિત શ્રી નિલેષભાઈ માંડલેવાલા (Founder & President - Donate Life), વિશિષ્ટ અતિથિ તરીકે શ્રી અનુપમસિંહ ગેહલોત (IPS-Commissioner of Police), શ્રી ભગીરથ સિંહ પરમાર (જીલ્લા શિક્ષણ અધિકારી, સુરત), શ્રી દિનેશ દાખાની (Chairman, Liberty Group), શ્રી રાજેશ સુરાણા (Yuva Gaurav Awardee; Social Worker and Businessman; Founder, Mega Blood Donation Drive ( Guinness World Record Holder); Associate with Various Organization) ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડશે. શૈક્ષણિક ક્ષેત્રના ગૌરવ સમાન ડૉ. કિશોરસિંહ એન. ચાવડા (Vice Chancellor- Veer Narmad South Gujarat University, Surat), જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ તેમજ ઉપપ્રમુખશ્રી, માનદમંત્રીશ્રી તથા અન્ય માનનીય ટ્રસ્ટી મંડળના સભ્યો તેમજ આમંત્રિત શાળાઓ અને કૉલેજોના આચાર્યશ્રીઓ અને સંચાલકો પણ વિશેષ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમ દરમિયાન ૩૦૦ થી વધુ વિદ્યાર્થીઓનું શૈક્ષણિક, રમતગમત અને વિવિધ પ્રવૃત્તિઓમાં સિદ્ધિ બદલ સન્માન કરવામાં આવશે. ઉપરાંત ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓ વિવિધ સાંસ્કૃતિક અને સર્જનાત્મક કૃતિઓ રજૂ કરશે. આ કાર્યક્રમમાં આમંત્રિત મહેમાનો, વિદ્યાર્થીઓ, વાલીઓ અંદાજે ૫૦૦૦ થી વધુ દર્શકો ઉપસ્થિત રહેવાની સંભાવના છે. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓની પ્રતિભાને પ્રોત્સાહન આપવાનો તેમજ તેમને પોતાના હુનરને પ્રદર્શિત કરવા માટે વિશાળ અને ગૌરવપૂર્ણ મંચ પૂરું પાડવાનો છે. કાર્યક્રમને સફળ બનાવવા માટે કૉલેજના આચાર્યશ્રીઓ, શૈક્ષણિક સ્ટાફ, ઍડમિન સ્ટાફ, પટાવાળા સ્ટાફ તથા વિદ્યાર્થીઓ દ્વારા તનતોડ મહેનત કરવામાં આવી રહી છે. સર્વે વાલીઓ, વિદ્યાર્થીઓને ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે.

## એન.સી.સી. કેડેટ્સની કેમિકલ બાયોલોજી રેડીયેશન ન્યુક્લિયરની મુલાકાત




જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યૂટ ઑફ મૅનેજમૅન્ટ, આર.વી.પટેલ કૉલેજ

ઑફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઑફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીની ૬ ગુજરાત ગર્લ્સ અને ૫ ગુજરાત બટાલિયનના કેડેટ્સ તા. ૨૭/૨/૨૦૨૬ના રોજ સોનગઢ ખાતે CBRN (કેમિકલ બાયોલોજી રેડીયેશન ન્યુકિલયર) મોક ડ્રીલની મુલાકાતે ગયા હતા. આ મુલાકાતનો મુખ્ય હેતુ એન.સી.સી. કેડેટ્સને ડિઝાસ્ટર મૅનેજમૅન્ટમાં કેમિલક ડિઝાસ્ટર, બાયોલોજી ડિઝાસ્ટર અને રૅડિએશન ડિઝાસ્ટરનું નોલેજ આપનો હતો. મોક ડ્રીલની મુલાકાત ૬ ગુજરાત ગર્લ બટાલીયનનાં Sub Chandukumar, ૫ બટાલીયનનાં Havaldar Samadhana Ahirનાં સહકારથી તેમજ આચાર્યશ્રીનાં માર્ગદર્શન હેઠળ એન.સી.સી. ઑફિસર ડૉ. અનિલા પિલ્લાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

## એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરા.

### કારકિર્દી માર્ગદર્શન અંતર્ગત ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન



બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી. પટેલ કોમર્સ કૉલેજે મુંબઈની સંસ્થા પ્રથમ ઇન્ફોટેક ફાઉન્ડેશન સાથે વિદ્યાર્થીઓની કારકિર્દી બાબતે કરેલ MoU અંતર્ગત કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. સોનલબેન વસાવાના નેતૃત્વ હેઠળ તા. ૦૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ના દિને કારકિર્દી માર્ગદર્શન બાબતે ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન થયું હતું. જેમાં પ્રથમ ફાઉન્ડેશનના શ્રી હિતેશભાઈ ચૌધરી અને મિતેશભાઈ થોરાટ દ્વારા વિદ્યાર્થીઓને તેમના બાયોડેટા રિઝયુમ તેમજ ઇન્ટરવ્યૂ જેવી બાબતો અંગે માર્ગદર્શન અપાયું હતું. અંતે કાર્ય સ્થળ બાબતે સાચી દોરવણી વિષયની માહિતી આપી ઓનલાઈન ટેસ્ટ લઈ તે અંગેના પ્રમાણપત્ર અપાયા હતા.

### વેબ–ડિઝાઈન અને એઆઈ ટૂલ્સ પર વર્કશોપ




બિલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સાથે સંલગ્ન એ.વી. પટેલ કોમર્સ કૉલેજ, બિલીમોરા ખાતે ઇનોવેશન કલબ હેઠળ સારથી પ્રવૃત્તિ અંતર્ગત 'વેબ–ડિઝાઈન અને એઆઈ ટૂલ્સ પર વર્કશોપ' શીર્ષક હેઠળ યોજાયેલ ૩૦ કલાકનો પ્રમાણપત્ર કોર્સ સફળતાપૂર્વક તા. ૦૯/૦૨/૨૦૨૬ના રોજ પૂર્ણ થયો. આ વર્કશોપનું આયોજન ૦૭/૦૧/૨૦૨૬ થી રોજ સવારે ૧૦:૦૦ થી બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધી કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓને વેબ ડિઝાઈન અને આધુનિક એઆઈ ટૂલ્સ વિષયક વ્યવહારુ જ્ઞાન આપવામાં આવ્યુ અને કુલ ૬૦ વિદ્યાર્થીઓએ તેમાં ભાગ લીધેલું. વર્કશોપના સમાપન પ્રસંગે ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. સોનલબેન વસાવા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ઇનોવેશન કલબ દ્વારા લેવામાં આવેલી પહેલની પ્રશંસા કરી અને વર્તમાન શૈક્ષણિક તથા વ્યાવસાયિક ક્ષેત્રમાં ડિજિટલ અને એઆઈ આધારિત કુશળતાઓનું મહત્વ સમજાવ્યું. આ વર્કશોપના કોર્સ કૉ–ઑર્ડિનેટર તરીકે ડૉ. કૃણાલ ભાવસાર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ઇનોવેશન કલબ કૉ–ઑર્ડિનેટર ડૉ. હિતેશ શર્માના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. અંતે ડૉ. હિતેશ શર્મા દ્વારા આભારવિધિ રજૂ કરવામાં આવી. વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી સાથે આ વર્કશોપ શૈક્ષણિક રીતે ઉપયોગી અને સફળ રહ્યો.

## નવયુગ કોમર્સ કૉલેજ, સુરત.

### પી.એચડી. થયા



નવયુગ કોમર્સ કોલેજમાં મુલાકાતી અધ્યાપક તરીકે ફરજ બજાવતા કંથારીઆ સેફાલીબેન જયંતીભાઈએ અર્થશાસ્ત્ર વિષયમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓની સામાજિક–આર્થિક પરિસ્થિતિનો અભ્યાસ સુરત શહેરના સંદર્ભમાં વિષય પર મહાશોધ નિબંધ માન્ય રાખી તેમને પીએચ.ડી.ની ડીગ્રી એનાયત કરેલ છે. આ શોધનિબંધ તેમણે નવયુગ કોમર્સ કૉલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો હતો.

### દરિયાઈ તરણ સ્પર્ધામાં નોંધપાત્ર સિદ્ધિ



નવયુગ કોમર્સ કૉલેજ, સુરતના પ્રતિભાશાળી ખેલાડી શ્રી યુગ સેલરે દરિયાઈ તરણ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી કૉલેજ તથા શહેરનું નામ રોશન કર્યું છે. તાજેતરમાં

Swimming Federation of India & Maharashtra Olympic Association દ્વારા આયોજિત ૬૨મી Sunk Rock Ocean Swimathon 2026 સ્પર્ધામાં તેમણે ૫ કિ.મીનું અંતર ૦:૪૦:૦૩ સમયમાં પૂર્ણ કરી રાષ્ટ્રીય કક્ષાએ દ્વિતીય ક્રમે આવી સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. તે ઉપરાંત District Youth and Cultural Activities Office દ્વારા આયોજિત ૩૫મી ઓલ ઇન્ડિયા વીર સાવરકર દરિયાઈ તરણ સ્પર્ધામાં પણ તેમણે દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી મેડલ મેળવી કૉલેજ અને સમગ્ર ગુજરાત રાજ્યનું ગૌરવ વધાર્યું છે. તેમજ આંતર કૉલેજ લેવલે (૧) ૮૦૦ મીટર ફ્રી સ્ટાઈલ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો. (૨) ૪૦૦ મીટર ફ્રી સ્ટાઈલ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો. (૩) ૧૫૦૦ મીટર ફ્રી સ્ટાઈલ ઈવેન્ટમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો. (૪) ૫૦ મીટર બ્રેક સ્ટ્રોક ઈવેન્ટમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો. (૫) ૧૦૦ મીટર બ્રેક સ્ટ્રોક ઈવેન્ટમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો. (૬) ૨૦૦ મીટર બ્રેક સ્ટ્રોક ઈવેન્ટમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો. (૭) ૫૦ મીટર બટરફલાય સ્ટ્રોક ઈવેન્ટમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો. (૮) ૧૦૦ મીટર બટરફલાય સ્ટ્રોક ઈવેન્ટમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો. (૯) ૨૦૦ મીટર બટરફલાય સ્ટ્રોક ઈવેન્ટમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો. (૧૦) ૪૦૦ મીટર વ્યકિતગત મીડલેમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો. આ ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ કૉલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદ એન. પટેલ, જીમખાના ચેરમેન ડૉ. બ્રિજેશભાઈ પટેલ, રમતગમતના અધ્યાપક શ્રી છગનભાઈ અસારિયા તેમજ સમગ્ર કૉલેજ પરિવારે ખેલાડીનું હાર્દિક અભિનંદન પાઠવ્યું છે અને તેના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યકત કરી છે.

## મહાકુંભમાં રાજ્ય કક્ષાએ ગોલ્ડ મેડલ



સ્પોર્ટ્સ ઓથોરિટી ઑફ ગુજરાત દ્વારા આયોજિત ખેલમહાકુંભમાં અન્સારી આલિયા રાજ્ય કક્ષાએ ૭૦ થી ૭૫ કિ.ગ્રામ. ગ્રુપમાં પ્રથમ ક્રમે આવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો. આ ખેલાડીએ ઇન્ટર કૉલેજ સ્પર્ધામાં પણ દ્વિતીય ક્રમે આવી સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. તેમજ ગુજરાત સ્ટેટ બોક્ષિંગ એસોસિએશનની સ્પર્ધામાં દ્વિતીય ક્રમે આવી સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો, અને ખેલમહાકુંભમાં રાજ્ય કક્ષાએ પ્રથમ ક્રમે આવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો. તે બદલ આ ખેલાડીને કૉલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદ એન. પટેલ, જીમખાના ચેરમેનશ્રી ડૉ. બ્રિજેશભાઈ એસ. પટેલ તથા શારિરીક શિક્ષણના અધ્યાપકશ્રી સી.કે. અસારિયા, તેમજ કૉલેજ પરિવારે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા.

## એસ. બી. ગાર્ડા આર્ટ્સ એન્ડ પી. કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારી.

### Budget Talk @ Campus અંતર્ગત વ્યાખ્યાન



છેલ્લા ૮૦ વર્ષથી શિક્ષણ અને સંસ્કારના ધામ તરીકે પ્રસિદ્ધ એવી એસ.બી.ગાર્ડા કૉલેજ, નવસારીમાં ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરી ગાંધીનગર અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સુરતનાં સંયુક્ત ઉપક્રમે કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરના માર્ગદર્શન હેઠળ તારીખ ૧૧/૦૨/૨૦૨૬નાં રોજ "Budget Talk @ Campus" અંતર્ગત વ્યાખ્યાન યોજાયું હતું. આ કાર્યક્રમની શરૂઆત રાષ્ટ્રગીત વંદેમાતરમનાં સામૂહિક ગાન તથા દીપ પ્રાગટયથી કરવામાં આવી હતી. ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે પ્રાસંગિક ઉદ્બોધન રજૂ કરી મહેમાનશ્રી તેમજ વકતાશ્રી ડૉ. દિલીપભાઈ વરસાણી તથા સરકારી પ્રતિનિધિ તરીકે ઉપસ્થિત એવા નવસારીના ધારાસભ્યશ્રી રાકેશભાઈ દેસાઈનું પુષ્પગુચ્છ અને સ્મૃતિભેટ અર્પણ કરી સ્વાગત કર્યું હતું. વકતાશ્રી ડૉ. દિલીપભાઈ વરસાણીએ Union Budget Talk@Campus અંતર્ગત વ્યાખ્યાનમાં બજેટ–૨૦૨૬નાં હેતુઓ, પાંસા, વિકસિત ભારત ૨૦૪૭નાં વિઝન અને મિશનમાં રોડમેપ, યુવાનો–મહિલાઓ કેન્દ્રિત બજેટ, બજેટમાં આર્યુવૈદિક દવાઓ અને આરોગ્ય પર ભાર, સંરક્ષણ ક્ષેત્રે બજેટમાં નાણાથી ફાળવણી તથા બજેટને લગતી આંકડાકીય માહિતી ટૂંકમાં અસરકારક રીતે રજૂ કરી હતી. સરકારી પ્રતિનિધિશ્રી રાકેશભાઈ દેસાઈએ બજેટ–૨૦૨૬ અંતર્ગત ટૂંકમાં પોતાના વિચારો રજૂ કરી બજેટ– ૨૦૨૬ની પ્રશંસા કરી હતી. આ કાર્યક્રમમાં અર્થશાસ્ત્ર વિભાગના વડાશ્રી ડૉ. અરવિંદભાઈ પટેલ તથા મોટી સંખ્યામાં કૉલેજના અધ્યાપકો તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમને અંતે કુ. નસરીનબાનુ કુરેશીએ આભારવિધિ કરી હતી. શ્રી કિશોરભાઈ પટેલે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

### પ્લેસમેન્ટ કેમ્પમાં ૧૩૧ વિદ્યાર્થીઓને નોકરી મળી

નવસારી શહેરની અગ્રણી શૈક્ષણિક સંસ્થા એસ.બી.ગાર્ડા કૉલેજ (આર્ટ્સ) એન્ડ પી.કે.પટેલ કૉલેજ ખાતે નવસારી અને ડાંગ જિલ્લા કક્ષાનો વિશાળ પ્લેસમેન્ટ કેમ્પ સફળતાપૂર્વક યોજાયો હતો. રાજ્યના શિક્ષણ વિભાગ તથા કે.સી.જી.ના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ કેમ્પમાં

છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રોજગારની સોનેરી તક પ્રાપ્ત થઈ હતી. આ કેમ્પમાં કુલ ૨૨ પ્રતિષ્ઠિત કંપનીઓએ ભાગ લઈ વિદ્યાર્થીઓના ઇન્ટરવ્યૂ લીધા હતા. કંપનીઓના અધિકારીઓ દ્વારા વિવિધ ક્ષેત્રોમાં યોગ્ય ઉમેદવારોની પસંદગી કરવામાં આવી હતી. કેમ્પના અંતે ૧૩૧ વિદ્યાર્થીઓને લેટર ઑફ ઇન્ટેન્ટ આપવામાં આવ્યા હતા, જેના પરિણામે વિદ્યાર્થીઓમાં આનંદ અને ઉત્સાહનો માહોલ સર્જાયો હતો.

પ્લેસમેન્ટ કેમ્પ માટે નવસારી તથા ડાંગ જિલ્લાના વિવિધ કૉલેજોના ૩૫૮ વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. કંપનીઓએ વિદ્યાર્થીઓની કૌશલ્ય, સંવાદક્ષમતા અને વિષયજ્ઞાનના આધારે પસંદગી પ્રક્રિયા હાથ ધરી હતી. રોજગારલક્ષી માર્ગદર્શન અને કારકિર્દી નિર્માણ માટે આ કેમ્પ ખૂબ જ ઉપયોગી સાબિત થયો હતો. આ સમગ્ર આયોજનમાં ઝોનલ ઑફિસર ડૉ. બી.એચ.પરમાર, સબઝોનલ ઑફિસર ડૉ. કે.ડી. પંચાલ, કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર અને ઉપાચાર્યશ્રી ડૉ. હિતેશ પટેલે વિશેષ માર્ગદર્શન અને સંકલન પૂરું પાડયું હતું. પ્લેસમેન્ટ સેલના અધ્યક્ષા ડૉ. નેહા હરીયાણીના નેતૃત્વ હેઠળ સ્ટાફ સભ્યો દ્વારા સતત મહેનત અને સંકલિત પ્રયાસો કરવામાં આવ્યા હતા, જેના પરિણામે કાર્યક્રમ સફળ રહ્યો હતો. વિદ્યાર્થીઓને રોજગાર પ્રાપ્ત થવાથી કૉલેજ પરિવારમાં ગૌરવની લાગણી છવાઈ ગઈ હતી અને ભવિષ્યમાં પણ આવી રોજગારમૂખી પ્રવૃત્તિઓ આયોજિત કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.



## અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લિશ મીડીયમ કૉલેજ, સુરત.

## યુનિયન બજેટ ૨૦૨૬: Budget Talk @ Campus






અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લીશ મિડીયમ કૉલેજ, વેસુ ખાતે યુનિયન બજેટ ૨૦૨૬ અંતર્ગત "Budget Talk @ Campus" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને કેન્દ્રીય બજેટના મુખ્ય પ્રાવધાનો તથા "વિકસિત ભારત ૨૦૪૭" ના દ્રષ્ટિકોણ વિષે માહિતગાર કરવાનો રહ્યો હતો. કાર્યક્રમની શરૂઆત વંદે માતરમ સાથે કરવામાં આવી અને ત્યારબાદ દીપ પ્રાગટય દ્વારા વિધિવત ઉદ્ઘાટન કરવામાં આવ્યું. મહેમાનોનું પુષ્પગુચ્છ આપી આત્મીય સ્વાગત કરવામાં આવ્યું.

કાર્યક્રમમાં ગવર્નમેન્ટ પ્રતિનિધિ તરીકે સી.એ. રાહુલ અગ્રવાલ વાઈસ ચેરમેન, સુરત સી.એ. ઈન્સ્ટિટયૂટ) હાજર રહ્યાં હતા. ઉપરાંત આ કાર્યક્રમમાં ડૉ. મેહુલ દેસાઈ, પ્રિન્સિપાલ, ઉધના સિટિઝન કૉલેજ, ડૉ. આશિષ દેસાઈ, પ્રિન્સિપાલ, તેમજ ડૉ. ભૂમિ દેસાઈ, એસોસિએટ પ્રોફેસર SASCMA કૉલેજ, ડૉ. ધવલ પંડયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, ઉધના સિટિઝન કૉલેજ પણ ઉપસ્થિત રહ્યા હતા, તેમજ અગ્રવાલ કૉલેજના મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી.દેસાઈ, ઈ.ચા. પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆ, કૉલેજના સમસ્ત વ્યાખ્યાતાગણ પણ ઉપસ્થિત રહ્યા અને મોટી સંખ્યામાં યુવા વિદ્યાર્થીઓ સાથે અધિકારીઓએ તેમજ અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય વકતા તરીકે ડૉ. શ્રીનિવાસ રાવે યુનિયન બજેટ ૨૦૨૬ના વિવિધ પાસાઓ પર વિસ્તૃત માહિતી આપી. તેમણે જણાવ્યું કે આ વર્ષનો બજેટ, "વિકસિત ભારત ૨૦૪૭" ના સંકલ્પ પર આધારિત છે, જેમાં ભારતને ૨૦૨૭ સુધી વિશ્વની અગ્રણી અર્થવ્યવસ્થા બનાવવા માટે શિક્ષણ, ટેકનોલોજી, સ્ટાર્ટઅપ, ઇન્ફ્રાસ્ટ્રકચર અને મહિલાઓના સશક્તિકરણ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે.

તેમણે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI), ડિજિટલ લર્નિંગ, સંશોધન અને ઈનોવેશન માટેની ખાસ જોગવાઈઓ અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા. ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં શિક્ષણની ગુણવત્તામાં સમાનતા લાવવા ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રકચર મજબૂત બનાવવાની યોજનાઓ પર પ્રકાશ પાડયો. સી.એ. રાહુલ અગ્રવાલે વિદ્યાર્થીઓને ભારત અને ગુજરાત સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ વિશે માહિતગાર કર્યા અને યુવાનોને રાષ્ટ્રના સર્વાંગી વિકાસમાં સક્રિય ભાગ ભજવવા અપીલ કરી. કાર્યક્રમ દરમિયાન પ્રશ્નોતરી સત્ર યોજાયું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. અંતમાં આભારવિધિ સાથે કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો. સમગ્ર કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે જ્ઞાનવર્ધક, પ્રેરણાદાયક અને રાષ્ટ્રનિર્માણની દિશામાં માર્ગદર્શક સાબિત થયો.

## એસ.પી.બી. ઈંગ્લીશ મીડીયમ કૉલેજ ઑફ કોમર્સ,સુરત.

### થેલેસેમિયા ચેકઅપ કેમ્પનું આયોજન



સાર્વજનિક ઍજ્યુકેશન સોસાયટી સંચાલિત એસપીબી ઈંગ્લીશ મિડીયમ કૉલેજ ઑફ કોમર્સ, સુરત દ્વારા તા. ૧૭/૦૨/૨૦૨૬ મંગળવાર અને તા. ૧૮/૦૨/૨૦૨૬ બુધવારનાં રોજ કૉલેજના એન.એસ.એસ. યુનિટ દ્વારા સુરત રક્તદાન કેન્દ્રના સહયોગથી કૉલેજના પ્રથમ વર્ષનાં વિદ્યાર્થીઓ માટે ફ્રી થેલેસેમીયા ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં કુલ ૨૭૭ વિદ્યાર્થીઓનું ફ્રી થેલેસેમીયા ચેકઅપ કરવામાં આવ્યું હતું. સમગ્ર કેમ્પનું આયોજન કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. આશિષ પંડયાનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. સમગ્ર કેમ્પનું સંચાલન એન.એસ.એસ.પ્રોગ્રામ ઑફિસર ડૉ. ફરીદા માંડવીવાલા અને ડૉ. પ્રતિક પસ્તાગીંયા દ્વારા કરવામાં આવ્યું હતું.

### રાષ્ટ્રીય એકતા શિબિર–ગુજરાત વિશ્વવિદ્યાલય, અમદાવાદ



સાર્વજનિક ઍજ્યુકેશન સોસાયટી સંચાલિત એસ.પી.બી. ઈંગ્લીશ મિડીયમ કૉલેજ ઑફ કોમર્સ, સુરતના એસ.વાય.બી.કોમના એન.એસ.એસ. સ્વયંસેવક જય દક્ષેશભાઈ પારનેરીયા અને એસ.વાય.બી.કોમની વિદ્યાર્થીની મોરકર સ્નેહા મનોજભાઈની ગુજરાત વિશ્વવિદ્યાલય, અમદાવાદ ખાતે આયોજીત રાષ્ટ્રીય એકતા શિબિર માટે પસંદગી થઈ હતી જ્યાં તેમણે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનું પ્રતિનિધિત્વ કર્યું હતું. જે બદલ ઇન્ચાર્જ આચાર્ય ડૉ. આશિષ પંડયા, એન.એસ.એસ. પ્રોગ્રામ ઑફિસર ડૉ. ફરીદા માંડવીવાલા અને ડૉ. પ્રતિક પસ્તાગિયા તેમજ સમગ્ર કૉલેજ પરીવારે શુભેચ્છા પાઠવી હતી. આ કાર્યક્રમમાં દેશભરનાં જુદા જુદા ૧૦ રાજ્યોમાંથી ૨૧૦ થી વધુ સ્વયંસેવકોએ ભાગ લીધો હતો.

### ઇન્ટરકૉલેજ ડ્રોઈંગ સ્પર્ધા–૨૦૨૬માં પ્રથમ ક્રમાંક



સાર્વજનિક ઍજ્યુકેશન સોસાયટી સંચાલિત એસ.પી.બી. ઈંગ્લીશ મિડીયમ કૉલેજ ઑફ કોમર્સ, સુરતની S.Y.B.Com.ની વિદ્યાર્થીની ધ્વની વાઘેલાએ તા. ૦૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ આયોજિત ઇન્ટર કૉલેજ ડ્રોઈંગ સ્પર્ધા–૨૦૨૬માં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી કૉલેજનું ગૌરવ વધાર્યું છે. આ સ્પર્ધાનું આયોજન સર પી.ટી.સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ પૂર્વ વિદ્યાર્થી મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું. ધ્વની વાઘેલાની સાર્જનાત્મકતા , કલાત્મક અભિવ્યકિત અને મહેનતના પરિણામે આ ઉત્તમ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. આશિષ પંડયા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ ડૉ. સવિતા સોંધી તેમજ સમગ્ર સ્ટાફ પરિવારે તેમને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે અને ભવિષ્યમાં વધુ સિદ્ધિઓ માટે શુભેચ્છાઓ વ્યકત કરી.

## શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલીયા.

### ઇન્ટરનેટ ડે (Internet Day) નિમિત્તે પ્રોગ્રામનું આયોજન



તા. ૧૦–૦૨–૨૦૨૬ના રોજ શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલીઆમાં આચાર્યશ્રી નિયતિબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ NSS વિભાગ થકી ઇન્ટરનેટ ડે (Internet Day) નિમિત્તે એક પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું જેમાં NSS ઑફિસર ડૉ. કુસુમબેન પટેલે ઇન્ટરનેટ વિષય પર ખૂબ સરસ વકતવ્ય આપ્યું ઇન્ટરનેટ વાપરતી વખતે કઈ કઈ સાવધાની રાખવી જોઈએ અને ઇન્ટરનેટનો ઉપયોગ વિશ્વમાં કઈ રીતે થાય છે. શુ? ઇન્ટરનેટ શ્રાપ છે કે

વરદાન વગેરે મુદ્દાઓની સમજ ઊંડાણપૂર્વક વિદ્યાર્થીઓને આપી હતી આ પ્રોગ્રામનું સંચાલન NSS ઓફિસર ડૉ. પુષ્પાબેન પટેલે કર્યું હતું. અને આભારવિધિ NSS પ્રોગ્રામ કૉ–ઓર્ડિનેટર ડૉ. રાજે કરી હતી. આ પ્રોગ્રામમાં કૉલેજનો સમગ્ર સ્ટાફ અને મોટા પ્રમાણમાં સ્વયંસેવિકા બહેનો ઉપસ્થિત રહીને પ્રોગ્રામને સફળ બનાવ્યો હતો.

### કેન્દ્રિય બજેટ–૨૦૨૬ પર આધારિત "Budget Talk @ Campus" કાર્યક્રમનું આયોજન



શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલીઆ ખાતે ઇન્ચાર્જ આચાર્ય પ્રા. ડૉ. નિયતિબેન ભટ્ટના માર્ગદર્શનમાં તા. ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ શનિવારના રોજ આઈક્યુએસી, એન.એસ.એસ. તથા અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા સંયુક્ત રીતે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા નિર્દેશિત કેન્દ્રિય બજેટ–૨૦૨૬ પર આધારિત "Budget Talk @ Campus" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સરકારના પ્રતિનિધિ તરીકે શ્રી પૃથ્વીશસિંહ ગોહિલ (વાલીયા ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચ) અને મુખ્ય વક્તા તરીકે પ્રા. ડૉ. બિંદુબેન આર. સોલંકી (ઇન્ચાર્જ આચાર્ય, કોમર્સ કૉલેજ, વાલીઆ) ઉપસ્થિત રહ્યા હતા. આ "Budget Talk @ Campus" કાર્યક્રમમાં મુખ્ય વક્તા પ્રા. ડૉ. બિંદુબેન આર. સોલંકી દ્વારા વિદ્યાર્થીઓને બજેટના ઇતિહાસ, બજેટનો અર્થ, વર્તમાન કેન્દ્રિય બજેટ–૨૦૨૬ની કરવેરા, કુલ આવક, કુલ ખર્ચ, ખેતીક્ષેત્ર, ઔદ્યોગિકક્ષેત્ર, માળખાકીય સુવિધાઓ, ગ્રામિણ વિકાસ, મહિલા વિકાસ વગેરે સંબંધિત જોગવાઈઓની સમજૂતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન અને IQAC, એન.એસ.એસ. અને અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું.

### નવી શિક્ષણ નીતિ–૨૦૨૦ અંતર્ગત અવેરનેશ કાર્યક્રમ




શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ વાલીયા જી–ભરૂચ ખાતે "નવી શિક્ષણ નીતિ–૨૦૨૦" અંતર્ગત ચોથા વર્ષથી વિદ્યાર્થીઓને માહિતગાર કરવા માટે કાર્યક્રમનું આયોજન તા. ૧૮/૦૨/૨૦૨૬ને બુધવારના રોજ સવારે ૯:૪૫ થી ૧૦:૩૦ રૂમ નંબર–૩ માં કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નવી શિક્ષણનીતિ અંતર્ગત ચોથા વર્ષના ફાયદાઓ વિશે વિદ્યાર્થીઓને માહિતસભર જાણકારી NEP કૉ–ઓર્ડિનેટર ડૉ. શર્મિલાબેન એસ. પટેલ દ્વારા તૃતીય વર્ષ બી.એ.સેમ–૬ના વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. જેમાં ૧૦૯ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. નિયતિબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

### 'સર્જનાત્મક લેખન (ટૂંકી વાર્તાલેખન) સ્પર્ધાનું આયોજન



શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલીયા ખાતે ઇન્ચાર્જ આચાર્ય પ્રા. ડૉ. નિયતિબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા દ્વારા તા. ૪–૨–૨૦૨૬, બુધવારના રોજ 'સર્જનાત્મક લેખન અંતર્ગત ટૂંકી વાર્તાલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટૂંકી વાર્તાલેખન સ્પર્ધામાં કુલ ૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને મનોવૈજ્ઞાનિક પ્રવાસ, સમયના સદુપયોગ, પ્રાણીકથા, કચરો નાંખવાની ટેવ, કરૂણતા વગેરે જેવા વૈવિધ્યસભર વિષયો પર આધારિત ટૂંકી વાર્તાઓનું લેખન કર્યું હતું. આ ટૂંકી વાર્તાલેખન સ્પર્ધામાં મૂલ્યાંકન કાર્ય અત્રેની કૉલેજના અંગ્રેજી વિભાગના ઍડહોક પ્રા. પારૂલબેન રાણા અને હિન્દી વિભાગના ઍડહોક પ્રા. મિરલબેન ચૌહાણ દ્વારા નિર્ણાયક તરીકેની ભૂમિકા નિભાવી હતી. આ નિર્ણાયકોએ આપેલા પરિણામ અનુસાર ટૂંકી વાર્તાલેખન સ્પર્ધામાં એફ.વાય. બી.એ. સેમ–૨ના વિદ્યાર્થી વસાવા પૂજાબેન શૈલેષભાઈ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યું હતું. આ ટૂંકી વાર્તાલેખન સ્પર્ધાનું આયોજન અને સંચાલન સર્જનાત્મક અભિવ્યક્તિ ધારાના કૉ–ઓર્ડિનેટર પ્રા. ડૉ. દિલાવરખાન એન. પઠાણ અને સભ્ય પ્રા. શીતલબેન ડી. મિસ્ત્રીએ કર્યું હતું.

### Impact of Cyber Bullying and Online Harassment વિષય પર એક Meetનું આયોજન

શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલિયા ખાતે તા. ૨૦/૦૨/૨૦૨૬ના રોજ સાયબર સેલના કૉ–ઑર્ડિનેટર ડૉ. દિલાવરખાન એન. પઠાણ દ્વારા Impact of Cyber Bullying and Online Harassment વિષય પર

એક Meetનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સાયબર બુલિંગ અને ઑનલાઈન હેરેસમેન્ટ અંગે જાગૃતિ ફેલાવવાનો તથા તેના પ્રભાવ અંગે સમજ આપવાનો હતો. આ કાર્યક્રમમાં ઍસોસિયેટ પ્રોફેસર ડૉ. પુષ્પાબેન વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પ્રસંગોચિત અને માહિતીસભર રજૂઆત દ્વારા સાયબર બુલિંગ શું છે, તેના પ્રકારો, તેના માનસિક અને સામાજિક પ્રભાવ તેમજ તેનાથી બચવાના ઉપાયો અંગે પણ માર્ગદર્શન આપ્યું. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ચર્ચામાં ભાગ લીધો અને પોતાના પ્રશ્નો રજૂ કર્યા. વક્તાશ્રીએ વિદ્યાર્થીઓના પ્રશ્નોના સંતોષકારક જવાબ આપી તેમને સાવચેત અને જવાબદાર ડિજિટલ નાગરિક બનવા પ્રેરિત કર્યા. આ કાર્યક્રમ અંતે આભાર વિધિ સાથે Meetનું સમાપન કરવામાં આવ્યું. કાર્યક્રમ સફળ અને જ્ઞાનવર્ધક રહ્યો. આ કાર્યક્રમમાં ૧૧૩ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો.



## સાયબર સેલ અંતર્ગત "Safer Internet Day"ની ઉજવણી

શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ, વાલિયા ખાતે સાયબર સેલ અંતર્ગત તા. ૧૮/૦૨/૨૦૨૬ના રોજ "Celebration of Safer Internet Day" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો વિષય – "Smart Tech, Safe Choices: Exploring the Safe and Responsible Use of AI" હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સુરક્ષિત અને જવાબદાર ઇન્ટરનેટ ઉપયોગ અંગે જાગૃતિ ફેલાવવાનો હતો, ખાસ કરીને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) જેવી આધુનિક ટૅક્નૉલોજીના સુરક્ષિત અને નૈતિક ઉપયોગ વિશે સમજ આપવાનો હતો. આ પ્રસંગે નેત્રંગ કૉલેજના ઍસોસિયેટ પ્રોફેસર ડૉ. જયશ્રીબેન દેસાઈ મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા. તેમણે પોતાના પ્રવચનમાં આજના ડિજિટલ યુગમાં સ્માર્ટ ટૅક્નૉલોજીનો યોગ્ય ઉપયોગ કેવી રીતે કરવો, સાયબર સુરક્ષાના જોખમોથી કેવી રીતે બચવું અને AIનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરવાની જરૂરિયાત અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું. તેમના માહિતીસભર અને પ્રેરણાદાયી વક્તવ્યથી વિદ્યાર્થીઓમાં જાગૃતિ અને સચેતનતા વધારવામાં મદદ મળી. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક હાજરી આપી અને સક્રિય ભાગ લીધો. સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો. અંતમાં કૉલેજના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. નિયતિબેન ભટ્ટ દ્વારા નવચેતન પરિવાર વતી–નેત્રંગ કૉલેજના એસોસિયેટ પ્રો. ડૉ. જયશ્રીબેન દેસાઈનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો અને તેમના કિંમતી સમય તથા માર્ગદર્શન માટે કૃતજ્ઞતા વ્યક્ત કરી. ઉપરોક્ત કાર્યક્રમમાં ૧૭૫ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો.




## ગુજરાતી ભાષાના પ્રસિદ્ધ હાસ્યકાર તથા પદ્મભૂષણથી સન્માનિત શાહબુદ્દિન રાઠોડનો હાસ્ય કાર્યક્રમ

શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ, વાલિયા ખાતે તા. ૧૦/૦૨/૨૦૨૬ના રોજ ગુજરાતી ભાષાના પ્રસિદ્ધ હાસ્યકાર તથા પદ્મભૂષણથી સન્માનિત શાહબુદ્દિન રાઠોડનો હાસ્ક કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમની શરૂઆત ઇ.પ્રિ.ડૉ. નિયતિબેન ભટ્ટે મહેમાનોનું સ્વાગત કરી ત્યારબાદ કૉલેજના ટ્રસ્ટીગણે ફૂલોથી અને સાલ ઓઢાડી સ્વાગત કર્યુ હતું. ત્યારબાદ શાહબુદ્દિન રાઠોડે પોતાના અનોખા સ્વચ્છ અને સંદેશ સભર હાસ્ય દ્વારા સમગ્ર હોલને આનંદમય બનાવી દીધો તેમની સરળ ભાષા જીવન મૂલ્યો અને સામાજિક શૈક્ષણિક મુદ્દાઓ પર આધારિત રજૂઆતથી વિદ્યાર્થીઓ તથા સ્ટાફ મિત્રો મહેમાનોને મંત્રમુક્ત બની ગયા. અંતે આભારવિધિ પ્રા. ડૉ. પુષ્પા પટેલે કરી કૉલેજના બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.



## વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે કિવઝ સ્પર્ધાનું આયોજન

શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કૉલેજ, વાલિયા ખાતે વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે ગુજરાતી વિભાગ દ્વારા કિવઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાનો મુખ્ય હેતુ વિશે ઇન્ચાર્જ આચાર્ય ડૉ. નિયતિબેન ભટ્ટ દ્વારા વિદ્યાર્થીઓમાં માતૃભાષા પ્રત્યે જાગૃતિ, ગૌરવભાવ અને ભાષા જ્ઞાનનો વિકાસ કેવી રીતે થાય તેની માહિતી આપી હતી. આ સ્પર્ધામાં કુલ ત્રણ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. (૧) ટીમ પ્રેમાનંદ (૨) ટીમ શામળ (૩) ટીમ દયારામ.

આ સ્પર્ધા દરમિયાન ભાષા, સાહિત્ય અને સામાન્ય જ્ઞાન સંબંધિત વિવિધ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. તમામ ટીમોએ ખૂબ જ ઉત્સાહ અને સ્પર્ધાત્મક ભાવનાથી ભાગ લીધો હતો. આ સ્પર્ધાના અંતે પરિણામ જાહેર કરવામાં આવ્યું, જેમાં પ્રથમ ક્રમે ટીમ –૨ શામળ વિજેતા રહી. વિજેતા ટીમોને પ્રોત્સાહનરૂપે ઇનામ અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા. સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક અને આનંદમય વાતાવરણમાં પૂર્ણ થયો. આ સ્પર્ધાએ વિદ્યાર્થીઓમાં માતૃભાષા પ્રત્યે પ્રેમ અને ગૌરવભાવ વધારવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગુજરાતી વિભાગનાં અધ્યક્ષ ડૉ. પુષ્પા પટેલે કર્યું હતું. ડૉ. કુસુમબેન પટેલ તથા પ્રા. પ્રિયા ચૌહાણે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડયું હતું.



## Department of English organized online inter college quiz on World Mother Language Day




The event was conducted through a virtual platform, enabling smooth participation from different colleges. A total of 102 girl students enthusiastically took part in the online quiz.

The theme of the quiz focused on Indian women who have reached great heights in various fields and on important laws related to women's rights and empowerment. The questions covered areas such as politics, sports, science and technology, literature, social service, business, and defense. Participants answered questions about inspiring personalities like Indira Gandhi, Mary Kom, P. V. Sindhu, Kalpana Chawla, and Kiran Bedi, who have made remarkable contributions in their respective fields.

The quiz also included questions on important laws and initiatives related to women, such as the Protection of Women from Domestic Violence Act, Dowry Prohibition Act, Sexual Harassment of Women at Workplace Act, and the Beti Bachao Beti Padhao campaign. These questions aimed to spread awareness about women's safety, legal rights, and empowerment.

The online format made the competition engaging and interactive. Participants responded actively and demonstrated excellent knowledge and awareness. The event successfully combined technology with learning and inspired students to appreciate the achievements and rights of women in India.

## વિશ્વમાતૃભાષા દિવસ નિમિત્તે લોકસાહિત્યકાર અભયસિંહ રાઠોડનો લોકસંગીત કાર્યક્રમ






શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ વાલીયા ખાતે ૨૧/૦૨/૨૦૨૬ વિશ્વ માતૃભાષા દિવસના પાવન અવસર પર અમાર સંસ્થામાં પ્રસિદ્ધ લોકસાહિત્યકાર અભયસિંહ રાઠોડ નો લોકસંગીત કાર્યક્રમ ભવ્ય રીતે આયોજન કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનો મુખ્ય હેતુ માતૃભાષા ગુજરાતી પ્રત્યેની ગૌરવની ભાવના જાગૃત કરવો અને લોકસાહિત્યની સમૃદ્ધ પરંપરા સાથે વિદ્યાર્થીઓને જોડવાનો હતો.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રજ્વલન અને માતૃભાષાને વંદનાથી કરવામાં આવી. ઉપસ્થિત મહેમાનોનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ અભયસિંહ રાઠોડએ પોતાના સુરઘુર સ્વરે લોકપ્રિય લોકગીતો રજૂ કર્યા. ખાસ કરીને "કસુંબીનો રંગ " અને "મોર બની થનગાટ કરે" જેવા લોકગીતો ગાતા જ સમગ્ર હોલ તાળીઓના ગડગડાતથી ગુંજી ઉઠયો. શ્રોતાઓ ગીતોના તાલે ઝૂમી ઉઠયા અને કાર્યક્રમમાં અદભૂત ઉત્સાહ જોવા મળ્યો.

તેમણે પોતાના સંબોધનમાં જણાવ્યુ કે, માતૃભાષા માત્ર ભાષા નથી, પરંતુ આપણું સંસ્કાર સંસ્કૃતિ અને ઓળખ છે. ગુજરાતી ભાષા અને લોકસાહિત્ય આપણા હૃદયની ધડકન સમાન છે. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ પણ માતૃભાષાના મહત્વવિષે પોતાના વિચારો વ્યક્ત કર્યા.

આ સમગ્ર કાર્યક્રમ ખૂબ જ યાદગાર અને પ્રેરણાદાયી રહ્યો. અંતે આભારવિધિ સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું. ઉપસ્થિત સૌએ આ અનોખા સાંસ્કૃતિક પ્રસંગનો આનંદ માણ્યો અને વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણીને અર્થપૂર્ણ બનાવી.

## PSI ડી.વી.ગામિતનો સાયબર સેલ અંગે માર્ગદર્શન કાર્યક્રમ



તા. ૧૮/૦૧/૨૦૨૬ના રોજ શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ વાલીયાના છાત્રાલય ખાતે શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજના જોઈન્ટ સેક્રેટરી શ્રી અશ્વિનસિંહજી વિહારીયા સરના આમંત્રણને માન આપીને PSI ડી.વી. ગામિત મુખ્ય વક્તા તરીકે શ્રી રંગ નવચેતન મહિલા છાત્રાલયમાં સાયબર સેલ અંગે માહિતી આપવા માટે પધાર્યા હતા. તેમણે વિદ્યાર્થીનીઓને ઓનલાઈન સુરક્ષા માટે જરૂરી સાવચેતીના પગલાં અંગે માર્ગદર્શન આપ્યું.

અજાણ્યા મેસેજ અથવા લિંક મળે ત્યારે તેની ખરાઈ કેવી રીતે કરવી અને ફિશિંગ, હેકિંગ તથા ઓનલાઈન ફ્રોડથી કેવી રીતે બચવું તે અંગે વિગતવાર માહિતી આપી. તેમણે વિદ્યાર્થીઓને મજબૂત પાસવર્ડ રાખવા માટે પોતાની જન્મતારીખ અથવા નજીકના સ્વજનોની જન્મતારીખ પાસવર્ડ તરીકે ન રાખવા અનુરોધ કર્યો.

PSI ડી.વી.ગામિતે વિવિધ પ્રકારના સાયબર ગુનાઓ અંગે વિસ્તૃત માહિતી આપી અને સાવચેન રહેવાની સલાહ આપી. છાત્રાલયની ૪૫૦ વિદ્યાર્થીનીઓ સાયબર સેલ અવેરનેસ પ્રોગ્રામમાં ઉત્સાહપૂર્વક જોડાઈ હતી.

## ઊદિશા અને કેરિયર ગાઈડન્સ સેલ અંતર્ગત 'ઇન્ટરવ્યૂ માટે ધ્યાનમાં રાખવાની બાબતો' વિષય પર કાર્યક્રમ



શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ વાલીયા ખાતે ઇન્ચાર્જ આચાર્ય ડૉ. નિયતિબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ ઊદિશા, કેરિયર ગાઈડન્સ સેલ અને અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા તા. ૨૫/૦૨/૨૦૨૬, બુધવારના રોજ 'ઇન્ટરવ્યૂ માટે ધ્યાનમાં રાખવાની બાબતો 'વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનમાં ઊદિશાના કૉ-ઑર્ડિનેટર પ્રા. ડૉ. દિલાવરખાન એન. પઠાણ દ્વારા વિદ્યાર્થીઓને ખાનગી અને સરકારી નોકરીઓ માટે ઇન્ટરવ્યૂની તૈયારી કઈ રીતે કરવી, ઇન્ટરવ્યૂ પહેલા અને ઇન્ટરવ્યૂ દરમ્યાન કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખવી જેમ કે ઇન્ટરવ્યૂના સ્થળે સમય પહેલા પહોંચવું, ઇન્ટરવ્યૂ સ્થળે વર્તન કેવું રાખવું, ડ્રેસ કૉડ, બૉડી લેંગ્વેજ, બેઠક રીત, જવાબ આપવાની રીત વગેરે બાબતો અંગે માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કુલ ૭૧ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું આયોજન અને સંચાલન ઊદિશા, કેરિયર ગાઈડન્સ સેલ અને અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રા. ડૉ. દિલાવરખાન એન. પઠાણ અને પોફ. શિતલ ડી. મિસ્ત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

## ઊદિશા અને કેરિયર ગાઈડન્સ સેલ અંતર્ગત 'ભવિષ્યમાં રોજગારી અને સ્વરોજગારીની તકો અંગે કારકિર્દી માર્ગદર્શન' વિષય પર કાર્યક્રમ



શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કૉલેજ વાલીયા ખાતે ઇન્ચાર્જ આચાર્ય ડૉ. નિયતિબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ ઊદિશા, કેરિયર ગાઈડન્સ સેલ અને અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા તા. ૨૫/૦૨/૨૦૨૬, બુધવારના રોજ 'રોજગારી અને સ્વરોજગારીની તકો અંગે કારકિર્દી માર્ગદર્શન' વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનમાં ઊદિશાના કૉ-ઑર્ડિનેટર પ્રા. ડૉ. દિલાવરખાન એન. પઠાણ દ્વારા વિદ્યાર્થીઓને અભ્યાસ પછી ઉપલબ્ધ વિવિધ ખાનગી અને સરકારી રોજગારીની તકો જેમ કે, શિક્ષક તરીકે પ્રાથમિક-માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં, પ્રોફેસર તરીકે કૉલેજ અને વિશ્વવિદ્યાલયમાં તેમજ GPSC અને UPSC અંતર્ગત વિવિધ સરકારી વિભાગોમાં વહીવટી ક્ષેત્રમાં નોકરી, સંશોધન મદદનિશ અધિકારી, Indian Economic Service (IES) વગેરે વિશે માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તદુપરાંત આ નોકરીઓ માટે ભવિષ્યમાં કયા પ્રકારના અભ્યાસ કરવાના જેમ કે બી.એડ, પીએચ.ડી. વગેરે અંગે પણ માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કુલ ૭૧ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું આયોજન અને સંચાલન ઊદિશા, કેરિયર ગાઈડન્સ સેલ અને અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રા. ડૉ. દિલાવરખાન એન. પઠાણ અને પ્રા. શિતલ ડી. મિસ્ત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

## વિશ્વવિદ્યાલય મધ્યસ્થ ગ્રંથાલય

### Footfall : Dt. 01-02-2026 to 28-02-2026

| Detail | Description | Feb. - 2026 | |
|---|---|---|---|
| User | Visitors | 4886 | |
| | Internet Lab User | 0 | |
| Registered Members | BoM/EC Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lectures of Collage, Asst, Librarian | 2 | |
| | UG/PG Students | 24 | |
| | Research Scholars | 2 | |
| | Non Teaching Staff | 0 | |
| | Visitors | 1 | |
| | E-resource User | 345 | |
| | Total | | 5260 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| February-2026 | 246 | 307 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનારઃ ખરાઈ પ્રમાણપત્ર (દિનાંક ૧૬–૩–૨૦૨૨થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | February-2026 | 22 |

Sources: Ms. Namrata Shingodawala, Lab Assistant, Computer Lab.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | February-2026 | 17 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | February-2026 | 22 |

Sources: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Chief Editor: Dr. Gaurang D. Rami**
Professor & Head, Department of Economics, Veer Narmad South Gujarat University, Surat.

**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Universirty Central Library, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.

**Publisher : Dr. Rameshdan C. Gadhvi**
The Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Universirty Central Library, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, વિશ્વવિદ્યાલય ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayan@vnsgu.ac.in

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgu.ac.in